ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૮૩ના વર્ષની પહેલી સભા શુક્રવાર, તા. ૧૦–૬–૧૯૮૩ના રોજ બપોરના ૧૧–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૦–૬–૧૯૮૩
૧.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી (કુલપતિશ્રી)	હાજર
૨.	શ્રી. કે. સી. પરીખ (ઉપકુલપતિશ્રી)	હાજર
૩.	શ્રી. ઉજમશી એ. કાપડિયા	ગેરહાજર
૪.	ડૉ. વી. સી. શાહ	હાજર
૫.	પ્રિ. આર. એચ. વ્યાસ	હાજર
૬.	પ્રિ. એમ. ડી. પંચોલી	હાજર
૭.	પ્રિ. વી. કે. ચાવડા	હાજર
૮.	પ્રિ. બી. એમ. ત્રિવેદી	હાજર
૯.	ડૉ. એમ. આર. જોશી	ગેરહાજર
૧૦.	ડૉ. એચ. એસ. શાહ	ગેરહાજર
૧૧.	પ્રિ. જી. બી. પરીખ	હાજર
૧૨.	ડૉ. ડી. એસ. બસન	હાજર
૧૩.	ડૉ. કે. ડી. દેસાઈ	ગેરહાજર
૧૪.	ડૉ. આર. જે. જોશી	હાજર
૧૫.	ડૉ. સી. કે. શાહ	હાજર
૧૬.	શ્રી. એચ. કે. ત્રિવેદી	હાજર
૧૭.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૦-૬-૧૯૮૩
૧૮.	શ્રી. એન. એમ. પરીખ	હાજર
૧૯.	ડૉ. પી. કે. મહેતા	હાજર
૨૦.	પ્રિ. સી. એલ. શાસ્ત્રી	હાજર
૨૧.	ડૉ. એ. એસ. નાગર	હાજર
૨૨.	શ્રીમતી એસ. એમ. ઉરેઝી	હાજર
૨૩.	ડૉ. એમ. જે. મહેતા	ગેરહાજર
૨૪.	પ્રિ. આર. વી. પંડ્યા	ગેરહાજર
૨૫.	પ્રિ. એન. એન. શાહ	હાજર
૨૬.	ડૉ. સી. જે. નાયક	હાજર
૨૭.	શ્રી. એ. ટી. દેસાઈ	ગેરહાજર
૨૮.	શ્રી. ધવલ જે. મહેતા	હાજર
૨૯.	પ્રિ. જે. ડી. તલાટી	હાજર
૩૦.	ડૉ. પી. વાય. પરમાર	હાજર
૩૧.	ડૉ. એસ. જી. દેસાઈ	હાજર
૩૨.	ડૉ. એસ. બી. વોરા	હાજર
૩૩.	શ્રી. જી. એમ. પટેલ	હાજર
૩૪.	પ્રિ. આર. એસ. વોરા	ગેરહાજર
૩૫.	ડૉ. એચ. એમ. દેસાઈ	હાજર
૩૬.	ડૉ. સી. પી. બોઘાણી	હાજર
૩૭.	ડૉ. પી. સી. પરીખ	ગેરહાજર

ચાઠી પરનું કામકાજ હાથ ધરતાં પહેલાં કુલપતિશ્રીએ સર્વે સભ્યોને આવકાર આપ્યો અને યુનિવર્સિટીના કામકાજમાં તેમના સાથ અને સહકાર મળતા રહેશે તેવી આશા વ્યક્ત કરી.

૧. તા. ૨૭-૧૨-૧૯૮૨ ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૮૨ ના વર્ષની ત્રીજી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૭-૧૨-૧૯૮૨ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૮૨ના વર્ષની ત્રીજી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ કુલસચિવની જગ્યા માટે તા. ૧૫–૫–૧૯૮૩ ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૧૨–૫–૧૯૮૩ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ કુલસચિવની જગ્યા પર શ્રી. આર. સી. દેસાઈની નિમણુંક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૧૨–૫–૧૯૮૩ની સભાની ભલામણનો નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં પ્લેસમેન્ટ ઑફિસરની જગ્યા માટે વરણી સમિતિની તા. ૧૫–૩–૧૯૮૩ ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૧૫–૩–૧૯૮૩ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં પ્લેસમેન્ટ ઑફિસરની જગ્યા પર ડૉ. અંજલિ ડી. મહેતાની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૧૫–૩–૧૯૮૩ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.)

૪. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર-ઇન-સંસ્કૃતની જગ્યા માટે વરણી સમિતિની તા. ૨૨-૨-૧૯૮૩ ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૨૨–૨–૧૯૮૩ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં રીડર-ઇન-સંસ્કૃતની જગ્યા પર ડૉ. ભગવતીપ્રસાદ ડી. પંડ્યાની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૨–૨–૧૯૮૩ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-ફિઝિક્સની જગ્યા માટે વરણી સમિતિની તા. ૧૭-૨-૧૯૮૩ ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૧૭–૨–૧૯૮૩ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-ફિઝિક્સની જગ્યા પર ડૉ. વી. એચ. ગાંધીની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૧૭–૨–૧૯૮૩ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૬. ભાષા-સાહિત્ય ભવનમાં લેક્ચરર-ઇન-પર્શિયનની જગ્યા માટે તા. ૮-૧-૧૯૮૩ ની વરણી સમિતિની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૮–૧–૧૯૮૩ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં લેક્ચરર-ઇન-પર્શિયનની જગ્યા પર ડૉ. બાવાસાહેબ એ. તિરમીઝીની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૮–૧–૧૯૮૩ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૭. પ્રી-ક્લિનિકલ બોર્ડના અધ્યક્ષ ડૉ. આર. બી. ડૉક્ટરે નૉન-મેડિકલ વિદ્યાર્થીઓ માટેનો એમ.એસસી. મેડિકલનો અભ્યાસક્રમ બંધ કરવા સૂચન કર્યું હતું તે પરત્વે તબીબી વિદ્યાશાખાની તા. ૨–૫–૧૯૮૧ ની સભામાં આ અભ્યાસક્રમ ચાલુ રાખવા તથા મેડિકલ કૉલેજોમાં શિક્ષકોની માન્યતા માટે બેઝિક ડિગ્રી (એમ.બી.બી.એસ.)

આવશ્યક રાખવી તેવી ભલામણ કરી હતી તે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૯-૭-૧૯૮૧ની સભામાં તબીબી વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલેલી તે અંગે તબીબી વિદ્યાશાખાની તા. ૧૩-૭-૧૯૮૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"એમ.એસસી. મેડિકલ ફૉર નોન-મેડિકલ ગ્રેજ્યુએટ્સની પરીક્ષા પાસ થયેલી વ્યક્તિઓ તબીબી કૉલેજમાં જોડાય તેમણે એમ.બી.બી.એસ.ની પરીક્ષા પાસ કરી ના હોય તો બાયોકેમિસ્ટ્રી વિષયની નિમણૂક સિવાય તેમને આસિસ્ટન્ટ પ્રોફેસરની જગ્યાથી આગળની જગ્યા પર નિમણૂક આપી શકાય નહીં અને તેવા શિક્ષકોની આસિસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા સુધીની નિમણૂક માન્ય થઈ શકે. તેની ઉપરની જગ્યા માટેની નિમણૂક માન્ય થઈ શકે નહીં તેવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કુલપતિશ્રી તબીબી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી તથા અન્ય લાગતાવળગતા સભ્યો સાથે વાતચીત કરે ત્યાર બાદ આ બાબત ફરીથી આ સભાગૃહ સમક્ષ વિચારણા માટે મૂકવી.

૮. ઑર્ડિ. ૧૬૬-૨(બી) (૨) મુજબ ડેવલપમેન્ટ કાઉન્સિલ પર એકેડેમિક કાઉન્સિલના બે સભ્યોને નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ પર આ સભાગૃહના બે સભ્યોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯. તબીબી વિદ્યાશાખાની તા. ૧૩—૭-૧૯૮૨ ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.બી.બી.એસ.માં નવા અભ્યાસક્રમોને અનુકૂળ સ્ટે. ૧૦૮ હેઠળ તબીબી વિદ્યાશાખા હેઠળ નીચે મુજબ અભ્યાસસમિતિઓ રચવા સ્ટે. ૧૦૮ સુધારવા ભલામણ કરવી :

Faculty of Medicine

1. Pre-Clinical subjects comprising Anatomy, Physiology & Biochemistry.
2. Medicine, Surgery, Midwifery and Gynaecology.
3. Para Clinical subjects–Pathology and Bacteriology, Pharmacology, Forensic Medicine and Community Medicine.
4. Nursing."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી. દરમિયાન આ અંગેની જરૂરી માહિતી કાર્યાલયે મેળવી લેવાનું રાખવું.

૧૦. એમ.ફિલ. પરીક્ષાનાં ઉત્તીર્ણતાનાં ધોરણો અંગેના ઓ. એમ.ફિલ. ૧૩ સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

"O. M.Phil. 13 :

Standard of Passing

The minimum requirement for passing M.Phil. degree Examination shall be :

(*i*) Acceptance of the dissertation

(*ii*) At least 36% of marks in each of the paper :

(*i*), (*ii*) and (*iii*) and 48% of the total marks in the aggregate of the papers (I), (II) & (III).

(*iii*) Those candidates whose dissertation has been accepted and who have obtained at least 48% of marks in the aggregate will be placed in Second Class and those obtaining at least 60% of the total marks in paper (I), (II) and (III) in agregate shall be placed in First Class.

(*iv*) A candidate whose dissertation has been accepted and who has obtained at least 65% of total marks in Paper I, II and III will be declared to have passed the M.Phil. Degree examination with distinction."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની વિચારણા માટે મોકલવી.

૧૧. વિનયન વિદ્યાશાખાની તા. ૭-૧૨-૧૯૮૨ ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૨૧–૫–૧૯૮૧ની સભાએ નિયુક્ત કરેલા પ્રાકૃત-પાલિ, સંસ્કૃત, ભારતીય સંસ્કૃતિ અને પર્શિયન, અરેબિક અને ઉર્દૂની સંયુક્ત અભ્યાસસમિતિઓની તા. ૪–૧૦–૧૯૮૨ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા વિનયન વિદ્યાશાખાની તા. ૭–૧૨–૧૯૮૨ની સભા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે. :

"એમ એ. કક્ષાએ ભારતીય સંસ્કૃતિ વિષય સાથે ગૌણ વિષય તરીકે પ્રશિષ્ટ ભાષાઓના (સંસ્કૃત, પ્રાકૃત-પાલિ, અરેબિક, પર્શિયન) બે પેપરો આપવા માટે અને તે જ પ્રમાણે ઉપરની પ્રશિષ્ટ ભાષાઓ સાથે ભારતીય સંસ્કૃતિ વિષય ગૌણ તરીકેનાં બે પેપરો આપવાં."

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન વિદ્યાશાખાની તા. ૭–૧૨–૧૯૮૨ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૨. ગૃહવિજ્ઞાનની જુદી વિદ્યાશાખા રચવા અંગે વિનયન વિદ્યાશાખાની તા. ૭–૧૨–૧૯૮૨ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

૧. "આથી ઠરાવવામાં આવે છે કે ગૃહવિજ્ઞાનની સ્વતંત્ર વિદ્યાશાખા સ્થાપવા અને તે અંગે ઘટતી કાર્યવાહી કરવા વિનયન વિદ્યાશાખાની તા. ૭–૧૨–૧૯૮૨ની સભા યુનિવર્સિટીના સત્તામંડળોને ભલામણ કરે છે."

૨. "આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં ગૃહવિજ્ઞાન વિષયનું અનુસ્નાતક ડિપાર્ટમેન્ટ સ્થાપવા વિનયન વિદ્યાશાખાની તા. ૭–૧૨–૧૯૮૨ની આ સભા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન વિદ્યાશાખાની તા. ૭–૧૨–૧૯૮૨ની સભાની ઉપરની ભલામણોની નોંધ લેવી.

૧૩. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાના તા. ૨૮–૧–૧૯૮૧ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૭–૬–૧૯૮૩ની સભામાં શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા અને બી.યુ.ટી.આર.ની વિચારણા માટે મોકલી હતી તે બાબતમાં વિનયન વિદ્યાશાખાની તા. ૭–૧૨–૧૯૮૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

તા. ૨૮–૧–૧૯૮૨ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક જેણે પરીક્ષા ઓછામાં ઓછા બીજા વર્ગમાં પાસ કરી હોય તેમને એમ.એ.ના અભ્યાસક્રમમાં દાખલ કરવા અને તે માટે ધારાધોરણો સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

"વિનયન વિદ્યાશાખાની તા. ૭–૧૨–૧૯૮૨ની સભા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે, વિનયન સિવાયની કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક કે જેણે પરીક્ષા ઓછામાં ઓછા બીજા વર્ગમાં પાસ કરી હોય તેમને એમ.એ.ના અભ્યાસક્રમમાં દાખલ કરવા અને તે માટે જરૂરી ધારાધોરણો સુધારવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની ભલામણ આવ્યેથી તે રજૂ કરવી.

૧૪. પ્રાકૃત-પાલિની અભ્યાસસમિતિની નીચેની ભલામણ પર વિનયન વિદ્યાશાખાએ તેની તા ૭-૧૨-૧૯૮૨ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

પ્રાકૃત-પાલિ બોર્ડની ભલામણ

"એમ.એ. પાર્ટ ૨ (સબ્સિડિયરી), એમ.એ.(પ્રિન્સિ.)ની વિનયન વિદ્યાશાખા પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીને તેણે મેળવેલ ગુણના આધારે પરીક્ષામાં વર્ગ આપવાની આ સભા ભલામણ કરે છે."

વિનયન વિદ્યાશાખાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. ભાગ ૨ (સબ્જિ.), એમ.એ.(પ્રિન્સિ.)ની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીને તેણે મેળવેલ ગુણના આધારે પરીક્ષામાં વર્ગ આપવાની વિનયન વિદ્યાશાખાની આ સભા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

(**નોંધ.**— વિનયન વિદ્યાશાખામાં ભાષાવિજ્ઞાન વિષયમાં આ પ્રમાણે ગુણ કેરી ફોરવર્ડ કરીને વર્ગ આપવામાં આવે છે અને વિજ્ઞાન વિદ્યાશાખામાં પણ રેગ્યુ. એમ.એસસી.–૭ મુજબ ગુણ કેરી ફોરવર્ડ કરી વર્ગ આપવામાં આવે છે જેની નોંધ લેવા વિનંતી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના અધ્યક્ષશ્રીઓની વિચારણા માટે મોકલવી.

૧૫. વિનયન વિદ્યાશાખાની તા. ૭-૧૨-૧૯૮૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે વિનયન વિદ્યાશાખામાં વ્યાખ્યાતાની જગ્યાની માન્યતા માટે બી.એ.માં બીજો વર્ગ હોય પરંતુ કુલ ૫૦ ટકા માર્કસ ન હોય તો એટલી ઊણપ પીએચ.ડી. કરવાથી ભરપાઈ થયેલી ગણવાનું રાખવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૬. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૧ (૨) મુજબ એકેડેમિક કાઉન્સિલ પર બે સભ્યો કો-ઓપ્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સદરહુ કલમ ૨૧(૨)નો પાઠ નીચે મુજબ છે :

21(2) : 'As soon as the Academic Council is constituted under Sub-section (1) it may co-opt as its additional members two eminent persons who are experts in any of the subjects taught in the University, whether they are or are not connected with the University as its members, teachers or otherwise."]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૧(૨) મુજબ એકેડેમિક કાઉન્સિલ પર નીચેના બે સભ્યોને કો-ઓપ્ટ કરવા :

૧. બી. એમ. પીરઝાદા

૨. શ્રી. એ. આર. શાહ.

૧૭. યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટરમાં One year Post B.Sc Diploma Programme in Computer Science & Application અંગેનો અભ્યાસક્રમ શરૂ કરવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને અને નીચેની જગ્યાઓ તા. ૩૧–૩-૧૯૮૫ સુધી ગ્રાન્ટપાત્ર ગણી મંજૂર કરી હોવાથી તેમ જ રાજ્ય સરકારશ્રીએ તા. ૧-૪-૧૯૮૫ પછી કાયમી

ધોરણે સદરહુ જગ્યાઓ અંગેના આવર્તક ખર્ચની જવાબદારી સ્વીકારેલી હોઈ, તે જગ્યાઓ ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	જગ્યાનું નામ	સંખ્યા
૧.	રીડર	એક
૨.	લેકચરર	બે
૩.	ટેકનિકલ આસિસ્ટન્ટ	એક

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની જગ્યાઓ ઊભી કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૮. ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની કલમ-૩(૨) વર્ગ—ખ ચૂંટાયેલા સભ્યોના ખંડ (૧) મુજબ યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલના સભ્યો પૈકી એક સભ્યની ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ પર નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ પર શ્રી. નરહરિભાઈ પરીખની નિમણૂક કરવી.

૧૯. જૂન ૧૯૮૪ થી નવી કૉલેજો શરૂ કરવા માટે આવેલી અરજીઓના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨) અન્વયે જરૂરિયાત નક્કી કરવા માટે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો સાથે આ સભા સંમત છે અને તે સ્વીકારવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૨૦. વિનયન વિદ્યાશાખાની તા. ૭-૫-૧૯૮૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ભાષાવિજ્ઞાનના અભ્યાસક્રમમાં પરિવર્તન માટેની તે વિષયની એડહોક સમિતિની તા. ૪—૧૦—૧૯૮૨ની સભાની ભલામણો મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન વિદ્યાશાખાની તા. ૭-૫-૧૯૮૩ની સભાની ઉપરની ભલામણ સ્વીકારવી.

(ભાષાવિજ્ઞાનની એડહોક સમિતિની તા. ૪-૧૦-૧૯૮૨ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૨૧. વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૭-૫-૧૯૮૩ની સભામાં પ્રાકૃત-પાલિની અભ્યાસસમિતિની તા. ૪-૧૦-૧૯૮૨ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ.ની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓ રેગ્યુ. એમ.એ. ૩-એ મુજબ ગૌણ વિષયને મુખ્ય વિષય તરીકે લઈને બાકીના ચાર પ્રશ્નપત્રમાં બેસે છે તેમાં એક્ષ્ટર્નલ વિદ્યાર્થીઓએ પણ તે મુજબ બેસવા દેવા છૂટ આપવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન વિદ્યાશાખાની તા. ૭-૫-૧૯૮૩ની સભાની ઉપરની ભલામણ સ્વીકારવી.

૨૨. વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૭-૫-૧૯૮૩ની સભામાં અંગ્રેજીની અભ્યાસ-સમિતિની તા. ૧૦-૧૨-૧૯૮૨ની સભાની નીચેની ભલામણ નં. ૩ સ્વીકારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

(3) Four lectures per week should be assigned to Compulsory English in all Faculties at all levels. The present arrangement for tutorials should be continued. It is understood that this arrangement (i.e. of four lectures plus tutorials) would not involve any major financial commitments, since most of the additional workload will be absorbed by the existing staff.

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન વિદ્યાશાખાની સદરહુ ભલામણની નોંધ લેવી.

૨૩. વિનયન વિદ્યાશાખાની તા. ૭-૫-૧૯૮૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે સંસ્કૃત મુખ્ય વિષયના માન્ય અધ્યાપકો કે જેમણે પ્રાકૃતનો ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ અભ્યાસક્રમ કર્યો હોય તેમને સંસ્કૃત વિષય ઉપરાંત પૂર્વસ્નાતક કક્ષા સુધી પ્રાકૃતનો ગૌણ વિષય શીખવવા માન્યતા આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન વિદ્યાશાખાની તા. ૭-૫-૧૯૮૩ની સભાની ઉપરની ભલામણ તેની પુનર્વિચારણા માટે પાછી મોકલવી.

૨૪. વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૭-૫-૧૯૮૩ની સભામાં પ્રાકૃત-પાલિની અભ્યાસસમિતિની તા. ૪-૧૦-૧૯૮૨ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"પોસ્ટ-ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ કોર્સ ઇન પ્રાકૃતના પાસ થવાના ધોરણમાં દરેક પેપરમાં ઓછામાં ઓછા ૨૫ ગુણ અને સરવાળે ૩૬ ટકા લાવવાનું છે તે સુધારીને દરેક પેપરમાં ઓછામાં ઓછા ૩૬ ટકા ગુણ મેળવવાનું ધોરણ રાખવું અને આ રીતે રેગ્યુ. પ્રાકૃત ૨ નીચે મુજબ સુધારી તેને જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવા ભલામણ છે.

Reg. Prakrit-2 (In force from June 1983)

To pass the certificate course in Prakrit examination a candidate will be required to obtain at least 36% marks in each paper.

Candidates obtaining 60% marks and more in the aggregate will be declared to have passed the examination in First Class and those obtaining less than 60% marks but more than 48% marks will be declared to have passed the examination in Second Class."

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન વિદ્યાશાખાની તા. ૭-૫-૧૯૮૩ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૫. વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૭-૫-૧૯૮૩ ની સભામાં હિન્દીની અભ્યાસ-સમિતિની તા. ૨૧-૧૦-૧૯૮૨ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાતના વિદ્યાર્થીઓ અન્ય ભારતીય તથા વિદેશી ભાષાઓના લખાયેલા સાહિત્યનો પરિચય મેળવે તે હેતુથી હિન્દી એમ.એ. ભાગ ૨માં ૭મા પ્રશ્નપત્ર (નિબંધ)ના વિકલ્પમાં ગુજરાતના સાહિત્ય (કન્ટેમ્પોરરી લિટરેચર) નો એક પ્રશ્નપત્ર રાખવાની ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન વિદ્યાશાખાની તા. ૭-૫-૧૯૮૩ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૬. વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૭-૫-૧૯૮૩ની સભામાં અંગ્રેજીની અભ્યાસ-સમિતિની તા. ૧૦–૧૨-૧૯૮૨ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પહેલા, બીજા અને ત્રીજા વર્ષ બી.એ.ના અંગ્રેજી મરજિયાતના અભ્યાસક્રમો સુધારવા અને સુધારેલા અભ્યાસક્રમો પહેલા વર્ષ બી.એ. માટે જૂન, ૧૯૮૪થી, બીજા વર્ષ બી.એ. માટે જૂન, ૧૯૮૫થી તથા ત્રીજા વર્ષ બી.એ. માટે જૂન ૧૯૮૬થી અમલમાં મૂકવા ભલામણ કરવી અને એમ.એ. ભાગ-૧ અને ભાગ-૨ના અંગ્રેજીનો અભ્યાસક્રમ સુધારવો અને એમ.એ. ભાગ-૧નો સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૮૪થી અને એમ.એ. ભાગ-૨નો સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૮૫થી અમલમાં મૂકવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન વિદ્યાશાખાની તા. ૭-૫-૧૯૮૩ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતિના અભ્યાસક્રમોની નકલ પરિશિષ્ટ "બ" તરીકે જોડેલ છે.)

૨૭. વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૭-૫-૧૯૮૩ની સભામાં સાઇકોલોજી સાયન્સની એડહોક સમિતિની તા. ૫-૧૦-૧૯૮૨ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"સાઇકોલોજી સાયન્સની ૩૦ વિદ્યાર્થીને બદલે ૬૦ વિદ્યાર્થીની સંખ્યા બાબતમાં નીચે મુજબના નિયમ સમાવી લેવામાં આવે છે :

Not more than 45 periods of lectures per term, 3 periods per paper per week, each period of one hour duration and not more than 90 lectures per paper per year."

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન વિદ્યાશાખાની તા. ૭-૫-૧૯૮૩ની સભાની ઉપરની ભલામણ આગળ મંજૂરીમાટે મોકલી આપવામાં આવે નિયમોમાં ફેરફાર કરવા કુલપતિ તેમાં સત્તા આપવી.

૨૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઠરાવો ([illegible]) :

(૧) એમ.બી.એ.ના ખંડકાલીન અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓના પ્રવેશપાત્રતા અંગેના નિયમોમાં પેટાકલમ (*ii*) નીચે મુજબ ઉમેરવાનું :

(*ii*) A minimum of five years Managerial/Professional/Teaching experience. The teaching experience should be at a College/University level and should be in a field related to management.

(૨) શિક્ષણશાસ્ત્રી ડિપ્લોમા કોર્સમાં પ્રવેશ આપવાનું યુનિવર્સિટી હસ્તક લેવા અંગે [illegible] માટે વિચારણા. આ અંગે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલી સમિતિની ભલામણને અનુસરીને એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવા માટે એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ નક્કી કરવું :

(૩) ૧. એમ.એસસી.-પાર્ટ ૨ના પ્રશ્નપત્રનું નામ "ઇલેક્ટ્રોનિક્સ ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ ઇલેક્ટ્રોનિક્સ" રાખવાનું તથા જરૂરી સુધારો તાત્કાલિક અમલમાં લાવવાનું;

૨. એમ.એસસી.-પાર્ટ ૨ના પ્રશ્નપત્રો નીચે મુજબ રાખી તેના પ્રશ્નપત્ર-૧નો સુધારેલો અભ્યાસક્રમ નિયત કરી તાત્કાલિક અમલમાં લાવવાનું તથા પ્રશ્નપત્ર-૨ અને ૩ના અભ્યાસક્રમો અગાઉ નિયત કર્યા પ્રમાણે ચાલુ રાખવાનું;

Physics M.Sc. Part II :

Paper I—Mathematical Methods and Nuclear Particle Physics

Paper II and III—Any one special subject of the following is to be selected which will form Papers **II & III :**

(1) Electronics, (2) Relativity and Cosmology, (3) Solid State Physics (4) Nuclear Physics.

સભાગૃહે સદરહુ બાબતોની નોંધ લીધી.

૨૯. ઇક્વિવેલેન્સ ઓફ ઍકેડેમિક [illegible] સમિતિની તા. ૩૧-૫-૧૯૮૩ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩૧-૫-૧૯૮૩ની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩૧-૫-૧૯૮૩ની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ટ" તરીકે સામેલ છે.)

૩૦. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૭/૧૩-૫-૧૯૮૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"એમ.કોમ. પાસ [illegible] વિદ્યાર્થીઓ ઓફર કરેલ વૈકલ્પિક વિષયોનું નામ જણાવાતું હોતું નથી [illegible] જણાવવાનું રાખવું તેમ આ વિદ્યાશાખા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૭/૧૩-૫-૧૯૮૩ની સભાની ઉપરની ભલામણની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે [illegible] અંગે ફેરફાર કરવાની શક્યતા વિચારવા વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાના અધ્યક્ષો તથા ડૉ. એમ. એન. દેસાઈ અને આચાર્ય બી. એમ. પીરજાદાની બનેલી સમિતિ નીમવી.

૩૧. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૧. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૮—૫—૧૯૮૩ની સભાની ભલામણ અન્વયે સદરહુ વિદ્યાશાખામાં નીચેના નવા અભ્યાસક્રમો જૂન ૧૯૮૩થી દાખલ કર્યાનું :

૧. B.E. (Chemical-Plastic Technology)

૨. B.E. (Chemical-Rubber Technology)

૩. B.E. (Civil Environmental Engineering)

૪. B.E. (Computer Engineering).

૨. વિનયન વિદ્યાશાખાની તા. ૭—૪-૧૯૮૩ની ભલામણ અનુસાર

(૧) ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ. અને થર્ડ બી.એ. તથા એમ એ. ભાગ-૧ અને એમ.એ. ભાગ-૨ના પોલિટિકલ સાયન્સના વિષયના અભ્યાસક્રમો મંજૂર કર્યાના; અને તે સમગ્ર અભ્યાસક્રમો જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવાના;

(૨) તૃતીય વર્ષ બી.એ. અર્થશાસ્ત્ર વિષયના નિબંધના પ્રશ્નપત્રના સુધારેલા મુદ્દા સેકશન-૧ માટે મંજૂર કર્યા જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવાના :

(નોંધ. — સેકશન ૨ માટેના નિબંધના મુદ્દાઓ જે હાલમાં ચાલુ છે તેમાં કોઈ ફેરફાર નથી.)

(૩) મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૭/૨૮—૪—૧૯૮૩ની સભાની નીચેની ભલામણો મંજૂર કર્યાના :

૧. તૃતીય વર્ષ બી.એ.ના મનોવિજ્ઞાનના પ્રશ્નપત્ર-૭, રિસર્ચ મેથડ્ઝ-ઇન સાયકોલોજીના અભ્યાસક્રમમાં વિગતવાર સ્પષ્ટતા કરતો અભ્યાસક્રમ જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવાના;

૨. તૃતીય વર્ષ બી.એ. મનોવિજ્ઞાનના પ્રશ્નપત્ર-૯ અથવા ૧૦ના વૈકલ્પિક પ્રશ્નપત્રો "એક્સપરિમેન્ટલ સાયકોલોજી" થિયરીમાં સ્પષ્ટતા કરતો અભ્યાસક્રમ જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવાના;

૩. તૃતીય વર્ષ બી.એ. મનોવિજ્ઞાનના પ્રશ્નપત્ર-૬ એડવાન્સ્ડ જનરલ સાયકોલોજીના અભ્યાસક્રમમાં મુદ્દા નં. ૧૦ "મનોવિજ્ઞાન અને સમાજ" (Psychology and Society)નો મુદ્દો અભ્યાસક્રમમાંથી રદ કરવામાં આવ્યો છે તેનો જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવાના;

૪. તૃતીય વર્ષ બી.એ. મનોવિજ્ઞાનના પ્રશ્નપત્ર-૧૧ સલાહ મનોવિજ્ઞાનના અભ્યાસક્રમમાં સંદર્ભગ્રંથ તરીકે નીચેનું પુસ્તક ઉમેર્યાના :

Councelling Psychology S. Narayan Rao

Pub.—Tata Graw Hill Pub. Co., New Delhi, 1981.

સભાગૃહે સદરહુ બાબતોની નોંધ લીધી.

૩૨. મહર્ષિ વેદ વિજ્ઞાન અકાદમી, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૩થી વૈદિક સાયન્સીસ અને વૈદિક ફિલોસોફીના વિષયોમાં પીએચ.ડી. પદવી માટે સંશોધન કાર્ય માટે કાયમી માન્યતા મેળવવા આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને આ સભાગૃહ વતી યોગ્ય ભલામણ કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૩. શ્રી. કલા સ્વાધ્યાય મંદિર, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૩ની (૧) કમ્પેરેટિવ લિંગ્વિસ્ટિક્સ, (૨) કમ્પેરેટિવ લિટરેચર, (૩) ગુજરાતી લેંગ્વેજ એન્ડ (૪) એનસાયક્લોપિડિયા અને ગુજરાતી લિટરેચર, અને (૫) ડિક્ષનેરીઝમાં પીએચ.ડી. પદવી માટે સંશોધન કાર્ય કરવા માટે કાયમી માન્યતા માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ સભાગૃહ વતી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને યોગ્ય ભલામણ કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૪. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૫-૯-૧૯૮૨ની સભાએ એમ.એસસી. ભાગ ૧ અને ભાગ ૨ ની પરીક્ષાઓ માટે નીચેના વિષયોના ગુણ નીચે મુજબ રાખવા ઠરાવ્યું હોઈ રેગ્યુ. એમ.એસસી. ૪ અને ૬ માં નીચે મુજબ સુધારો કરી તેને જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવા વિચારણા કરવા બાબત :

R. M.Sc. 4 :

	Theory	*Practicals*
Zoology	100 marks	50 marks for each paper
Microbiology	100 marks	50 marks ,,
Geology	100 marks	50 marks ,,

R. M.Sc. 6 :

Zoology	100 marks	50 marks ,,
Microbiology	100 marks	50 marks ,,
Geology	100 marks	50 marks ,,

(**નોંધ.**—સાયન્સના બીજા વિષયોની જેમ ગુણ સરખા ગુણાંકમાં થિયરીના ૭૫ ગુણના ૧૦૦ ગુણ કર્યા અને પ્રેક્ટિકલના ૭૫ ગુણના ૫૦ ગુણ કર્યા.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૫–૯–૧૯૮૨ની સભાની ઉપરની ભલામણ સ્વીકારવી અને તે મુજબ રેગ્યુ. એમ.એસસી. ૪ અને ૬માં સુધારો કરી તેને જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવા.

૩૫. યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં મિલિટરી સાયન્સનો વિષય દાખલ કરવા માટે તથા એન.સી.સી.માં જોડાવા અંગે પ્રોત્સાહન આપવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૨-૪-૧૯૮૨ની સભામાં નીમેલ સમિતિની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલની

તા. ૨૭-૧૨-૧૯૮૨ની સભામાં મંજૂર થયેલ હોઈ તેના સંદર્ભમાં અનુ. નિયમ નં. ૧(૧) (V)માં કંડિકા (૨) નીચે મુજબ ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત :

સમિતિની ભલામણ

"એન.સી.સી.માં "સી" સર્ટિફિકેટ પાસ કર્યું હોય તેવા વિદ્યાર્થીને યુનિવર્સિટીમાં અનુ. ડિગ્રી અને ડિપ્લોમા અભ્યાસક્રમમાં કે જ્યાં યુનિવર્સિટી પ્રવેશ આપે ત્યાં પ્રવેશ માટે અરજી કરી હોય તો બે ટકા જેટલા અને "બી" સર્ટિફિકેટ પાસ કરનાર વિદ્યાર્થીએ એક ટકા જેટલી વધારી આપવા માટે યુનિવર્સિટીનાં સત્તામંડળોને ભલામણ કરવી"

સૂચિત નિયમ :

P.G. Rule No. 1 (1) (V) (2) :

For admission to Post-graduate degree/diploma courses weightage shall be given for a candidate who has passed "C" or "B" certificate examination held by N.C.C. as follows :

1. "C" Certificate ex. 2%
2. "B" ,, ,, 1%.

(**નોંધ.** આ સવલત વિનયન, શિક્ષણ, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓ પૂરતી મર્યાદિત રાખવી ઠીક રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ભલામણ એમ.એ., એમ.એસસી. અને એમ.કોમ.ના પ્રવેશ માટેજ સ્વીકારવી, અને તદનુસાર અનુ. નિયમ નં. ૧ (૧) (V) (૨) નીચે પ્રમાણે વંચાય તે રીતે મંજૂર કરવી :

P.G. Rule No. 1 (1) (V) (2) :

For admission to M.A., M.Sc., or M.Com. Class weightage shall be given to a candidate who has passed "C" or "B" certificate examination held by N.C.C. as follows :

1. "C" Certificate ex. 2%
2. "B" Certificate ex. 1%

૩૬. સદરહુ ક્રમાંકની કોઈ બાબત નથી.

૩૭. જોડાણ મેળવવા માટેની નીચેની અરજીઓ પરની સ્થાનિક તપાસ સમિતિઓના હેવાલ હજી સુધી આવ્યા ન હોઈ તે પર વિચારણા કરવા બાબત :

૧. કપડવણજ કેળવણી મંડળ, કપડવણજ (કોલેજોના વિભાગીકરણ અને સંયોગીકરણની)

૨. ગાંધીધામ ફાર્મસી કોલેજ, ગાંધીધામ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજોના જોડાણ અંગેના સ્થાનિક તપાસસમિતિના હેવાલો આવ્યેથી આગળની કાર્યવાહી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૮. કુલપતિશ્રીનું નીચેનું કાર્ય (જાણ સારુ) :

કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી તરફથી જૂન ૧૯૮૩થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટેની ચાલુ જોડાણ માટેની અરજી પરત્વે સ્થનિક તપાસસમિતિના હેવાલને અનુલક્ષી એકેડેમિક કાઉન્સિલ વતી નીચે પ્રમાણે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કર્યાનું :

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧–૬–૧૯૮૩થી તા. ૧૪–૬–૧૯૮૫ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછો રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. કૉલેજના મકાનમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસારની સુવિધાઓ કરવામાં આવે અને વિદ્યાર્થીઓને બેસવા માટે જરૂરી પાટલીઓ વસાવવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્રક આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૩૯. મિલિટરી સાયન્સનો અભ્યાસક્રમ તૈયાર કરવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૨–૪–૧૯૮૨ની સભામાં નીમેલી સમિતિની તા. ૨૮–૪–૧૯૮૩ની સભાએ મંજૂર સદરહુ અભ્યાસક્રમના માળખા પર વિચારણા કરવા બાબતમાં વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૭–૫–૧૯૮૩ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે મિલિટરી સાયન્સનો અભ્યાસક્રમ તૈયાર કરવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૨–૪–૧૯૮૨ની સભામાં નીમેલ સમિતિએ "ડિફેન્સ સ્ટડીઝ"ના અભ્યાસક્રમ અંગે ફર્સ્ટ બી.એ.થી એમ.એ. સુધીનું સૂચવેલ માળખું મંજૂર કરવા ભલામણ છે અને ફર્સ્ટ બી.એ.નો અભ્યાસક્રમ જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે.

"વધુમાં ડિફેન્સ સ્ટડીઝના અભ્યાસક્રમ અંગે શિક્ષકો, શિક્ષકોની લાયકાત વગેરે બાબતો અંગે આ સાથેની સમિતિની ભલામણોના સંદર્ભમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ઘટતું કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે મિલિટરી સાયન્સ અંગેનો અભ્યાસક્રમ એફ.વાય.બી.એ. પૂરતો મંજૂર કરવો.

વધુમાં સદરહુ અભ્યાસક્રમમાં જે જે વિષયો આવે તે તે વિષયો શીખવવા માટે યુનિવર્સિટીના નિયમો પ્રમાણે જે શિક્ષકો જરૂરી લાયકાત ધરાવતા હોય છે તેઓ જ તે શીખવી શકશે તેમ સ્પષ્ટતા કરવામાં આવે છે.

(સદરહુ અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૪૦. ડેન્ટલ સર્જરીની વિદ્યાશાખાની તેની તારીખ ૧૦-૫-૧૯૮૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"એમ.ડી.એસ. ભાગ-૧ અને ૨ના અભ્યાસક્રમમાં સુધારો સૂચવવા અંગેની અભ્યાસસમિતિની ભલામણ પર વિચારણા કરી ઠરાવવામાં આવે છે કે એમ.ડી.એસ. ભાગ-૧ને લગતા ઑર્ડિ. ૩૭૭, ઑર્ડિ. ૩૭૭-એ, ઑર્ડિ. ૩૭૭-બી અને રેગ્યુ. ૨૬૦, રેગ્યુ. ૨૬૦-એ, રેગ્યુ. ૨૬૦-એ-એ, રેગ્યુ. ૨૬૦-બી. સુધારી તેને જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવા અને એમ.ડી.એસ ભાગ ૨ને લગતા ઑર્ડિ. ૩૭૭-બી, ઑર્ડિ. ૩૭૭-ડી, ઑર્ડિ. ૩૭૭-ઇ, ઑર્ડિ. ૩૭૭-એફ અને રેગ્યુલેશન સુધારીને જૂન ૧૯૮૪થી અમલમાં મૂકવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ઑર્ડિ. ૩૭૭, ઑર્ડિ. ૩૭૭-એ અને ઑર્ડિ. ૩૭૭-બી મંજૂર કરવા અને તેને જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) ઑર્ડિ. ૩૭૭-સી, ઑર્ડિ. ૩૭૭-ડી, ઑર્ડિ. ૩૭૭-ઇ અને ઑર્ડિ. ૩૭૭-એફ મંજૂર કરવા અને તેને જૂન ૧૯૮૪થી અમલમાં મૂકવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૩) રેગ્યુ. ૨૬૦, રેગ્યુ. ૨૬૦-એ અને રેગ્યુ. ૨૬૦-બી મંજૂર કરવા અને તેને જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવા

(૪) રેગ્યુ. ૨૬૦-સી મંજૂર કરવો અને તેને જૂન ૧૯૮૪થી અમલમાં મૂકવો.

(૫) રેગ્યુ. ૨૬૦-એ-એ અંગે દંતવિજ્ઞાનની વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી સાથે ચર્ચા કરી આ સભાગૃહ વતી ઘટતું કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(સદરહુ ઑર્ડિનન્સીસ અને રેગ્યુલેશનની નકલ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૪૧. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૭–૫–૧૯૮૩ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) એમ.ફિલ. એકાઉન્ટિંગના અગાઉના નિયત કરેલ અભ્યાસક્રમના રિસર્ચ મેથોડોલોજીના પેપરનો સુધારેલો અભ્યાસક્રમ મંજૂર કરવો.

(૨) એમ.કૉમ. ભાગ ૧, પેપર ૧–કૉસ્ટ એકાઉન્ટિંગ (ન્યૂ કોર્સ)નો સેકશન ૨માં મુદ્દા નં. ૫ તરીકે નીચેનો મુદ્દો ઉમેરવો અને મુદ્દા નં. ૫થી ૯ના ક્રમાંક બદલી અનુક્રમે ૬થી ૧૦ કરવા. આ ઉમેરેલા મુદ્દા પ્રમાણેનો સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવો :

સેકશન ૨ :

Operating cost including transport costing (Road and Railway) and services like gas, electricity, etc.

(૩) એમ.કૉમ. ભાગ ૧ના પ્રશ્નપત્ર 'ઇકોનોમિક્સ ઑફ ડેવલપિંગ કન્ટ્રીઝ'નો સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૮૩થી અમલમાં લાવવો.

(૪) એમ.કૉમ. ભાગ ૨ના 'ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ પેપર ૩ અને ૪'નો સુધારેલો અભ્યાસક્રમ મંજૂર કરી તેને જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવો.

(૫) એમ.કૉમ. ભાગ ૨ના 'માર્કેટિંગ ઑર્ગેનાઇઝેશન ઍન્ડ પ્રૅક્ટિસ પેપર ૩'નો સુધારેલો અભ્યાસક્રમ મંજૂર કરી તેને જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવો.

(૬) એમ.કૉમ. ભાગ ૧–બિઝનેસ મેનેજમેન્ટ વિષયના સુધારેલા અભ્યાસક્રમના પ્રશ્નપત્ર ૧–ફાઇનાન્શિયલ મેનેજમેન્ટ, પ્રશ્નપત્ર ૨–ઑર્ગેનાઇઝેશન બિહેવિયર સુધારી તેને જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવા.

(૭) એમ.બી.એ.નો ચાર સેમેસ્ટરનો સુધારેલો અભ્યાસક્રમ મંજૂર કરી તેને જુલાઇ ૧૯૮૩થી ક્રમશઃ અમલમાં મૂકવો.

(૮) ફર્સ્ટ બી.કૉમ.ના એકાઉન્ટન્સી (ફરજિયાત) વિષયના હાલના અભ્યાસક્રમમાં ગુણના વિભાગીકરણમાં ફેરફાર કરી તેને જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવા.

(૯) ફર્સ્ટ બી કૉમ.ના ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગ પેપર ૧ના હાલના અભ્યાસક્રમમાં ગુણનું વિભાગીકરણ નીચે મુજબ કરી તેને જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવું :

Advanced Accounting & Auditing Paper I at F.B.Com.

Topics :

1, 2, 3, 4 (no change)		... 30 %
5	—	... 20 %
6	—	... 20 %
7, 8, 9, 10	—	... 30 %

Note.—(*i*) A latitude of 5 % in the relative weightage of the allotted marks is permissible.

(*ii*) No change.

(૧૦) સેકન્ડ બી.કૉમ. Taxation–Principle of Procedure of Taxation નો સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવા ભલામણ છે.

(૧૧) ૧૯૮૪ના વર્ષ માટે બિઝનેસ મૅનેજમેન્ટ વિષયના ત્રીજા વર્ષ બી.કૉમ.ના ડિઝર્ટેશનના મુદ્દાઓ તથા એમ.કૉમ. ભાગ ૨ના ડિઝર્ટેશનના મુદ્દાઓ મંજૂર કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૭-૫-૧૯૮૩ની સભાની ઉપરની ભલામણો મંજૂર કરવી.

(સુધારેલા સદરહુ અભ્યાસક્રમોની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકેડ. કાઉ. / ૭૨૪૨૧ / ૧૯૮૩
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦૦૦૯.
તા. ૬-૭-૧૯૮૩

બી. એમ. પટેલ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Assistant Registrar was held on **THURSDAY** the 12th May, 1983 at 12-00 Noon at the Office of the Gujarat University, Ahmedabad-380 009.

Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Prin. M. C. Shah	Absent
4.	Dr. M. N. Desai	Present
5.	Prin. B. M. Peerzada	Present
6.	Shri Sudhirbhai Nanavati	Absent
7.	Shri B. M. Patel, Registrar	Present.

The following candidates were called for interview :

1.	Shri M. C. Rimza	Present
2.	Shri S. D. Bhatt	Present
3.	Shri B. J. Rathore	Present
4.	Shri R. C. Desai	Present
5.	Shri B. M. Vaidya	Present
6.	Shri M. K. Rathod	Present
7.	Shri N. C. Travadi	Present
8.	Shri V. V. Shah	Present
9.	Shri P. C. Dave	Present

10.	Shri R. H. Parekh	Absent
11.	Shri M. B. Dave	Absent
12.	Shir M. M. Vaghela	Present.

After interviewing the candidates present and considering their respective merits, the Committee recommends that Shri R. C. Desai be appointed to the post of Assistant Registrar.

K. S. Shastri

K. C. Parikh

M. N. Desai

B. M. Peerzada

B. M. Patel

પરિશિષ્ટ "ખ"
અભ્યાસ સમૂહ ૩

Confidential

A meeting of the Selection Committee for recommendation of names for appointment to the post of Placement Officer in the B. K. School of Business Management, Gujarat University, was held on Tuesday the 15th March, 1983 at 12-30 p.m. at the Office of the Gujarat University, Ahmedabad-380 009.

Prof. K. S. Shastri Vice-Chancellor, Gujarat University, presided.

The attendence of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri C. R. Bhatt	Present
3.	Dr. G. C. Beri	Present
4.	Dr. Biharibhai Kanaiyalal	Present
5.	Dr. G. P. Keshav (invitee)	Present.

The following candidates were called for interview :

1.	Miss Vandana D. Mehta	Present
2.	Shri J. R. Soni	Present
3.	Shri L. M. Khachar	Present
4.	Shri Kishor Contractor	Absent
5.	Shri A. K. Maheswari	Present
6.	Dr. (Smt.) Anjali D. Mehta	Present
7.	Shri P. S. Sehadri	Present
8.	Shri D. J. Maniar	Present
9.	Shri S. P. Uttamchandani	Present
10.	Shri P. A. Desai	Present

11.	Shri M. A. Joshi	Absent
12.	Shri P. F. Joshi	Present
13.	Shri A. C. Gandhi	Present
14.	Shri S. M. Patel	Present
15.	Shri B. R. Rana	Present
16.	Shri Mohan S. Derasari	Present
17.	Shri Thomas Angusthy	Present
18.	Dr. A. G. Shah	Present
19.	Shri D. R. Harry	Present
20.	Shri V. J. Jadeja	Present
21.	Shri T. P. Singh	Present
22.	Shri F. J. Patel	Absent.

After interviewing the candidates who were present and considering their respective merits, the Committee recommends the following two candidates for the post of Placement Officer in the B. K. School of Management :

1. Derasari Mohan Sanatbhai
2. Mehta Anjali Dhawal.

K. S. Shastri

C. R. Bhatt

G. C. Beri

Biharilal Kanaiyalal

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૪

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointing to the post of Reader in Sanskrit in the School of Languages, Gujarat University was held on Tuesday the 22nd February, 1983 at 12-30 p.m. Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Seletion Committee members was as under :

(1)	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
(2)	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
(3)	Dr. Madan Mishra	Present
(4)	Dr. S. D. Joshi	Present
(5)	Dr. V. M. Kulakarni	Present
(6)	Dr. (Miss) Easterben A. Soloman (Invitee)	Present

The following candidates were called for interview :

(1)	Dr. V. M. Bhatt	Present
(2)	Shri M. R. Joshi	Absent
(3)	Dr. B. D. Pandya	Present
(4)	Dr. M. I. Prajapati	Present.

After interviewing the candidates who remained present and considering their relative merits, the Committee is of the opinion that Dr. Bhagwatiprasad D. Pandya is found most suitable for the post of Reader in Sanskrit and recommends that he be appointed thereto.

K. S. Shastri
Vice-Chancellor

K. C. Parikh
Pro-Vice-Chancellor

Madan Mishra

S. D. Joshi

V. M. Kulkarni

પરિશિષ્ટ "ધ"
સામાન્ય સભાને ૫

Confidential

A meeting of the Selection Committee for recommending name for appointment to the post of Lecturer in Physics in the School of Sciences, Gujarat University was held on Thursday the 17th February, 1983 at 12-30 p.m. Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Dr. M. C. Joshi	Absent
4.	Prof. Dr. A. R. Patel	Present
5.	Shri S. D. Verma (Invitee)	Present.

The following candidates were called for interview :

1.	Dr. D. C. Jain	Present
2.	Dr. Sahu Rankanidhi	Absent
3.	Dr. (Smt.) Vijaya Sinha	Present
4.	Dr. H. B. Patel	Present
5.	Dr. V. H. Gandhi	Present
6.	Dr. A. S. Joshipura	Absent
7.	Dr. G. M. Chhipa	Present
8.	Dr. V. M. Chhaya	Absent
9.	Dr. Ashok Kumar	Absent
10.	Dr. (Smt.) Sunanda Kirtana	Absent
11.	Dr. (Smt.) Shankuntala Sastry	Absent.

After interviewing the candidates who were present and considering their relative merits, the Committee is of the opinion that Dr. V. H. Gandhi is suitable for the post of Lecturer in Physics and recommends that he be appointed to that post.

K. S. Shastri

K. C. Parikh

A. R. Patel

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૬

Confidential

Item No. 6

A meeting of the Selection Committee for recommending names for appointment to the Post of Lecturer in Persian was held on Saturday the 8th January, 1983 at 2-00 p.m. at the University Office, Gujarat University, Ahmedabad-9. Prof. K. S. Shastri, Vice-Chancellor, presided.

The attendance of the Selection Committee members was as under :

1. Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2. Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3. Dr. M. H. Siddiqui	Present
4. Dr. S. A. Desai	Present.

The following candidates were called for interview :

1. Shri M. G. Qureshi	Present
2. Shri J. M. Shaikh	Present
3. Shri M. M. Shaikh	Present
4. Dr. Bavasaheb A. Tirmizi	Present.

After interviewing all the four candidates who were present and considering their relative merits, the Committee resolved as follows :

The Committee has come to the opinion that both Shri M. G. Qureshi and Dr. Bavasaheb A. Tirmizi are suitable for the post and recommends that either of them be appointed to the post, but the Committee regrets that it cannot recommend any order of priority between these two candidates.

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૧૯

જૂન, ૧૯૮૪થી નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજીઓના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નક્કી કરવા માટે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલી સમિતિની બે સભા તા. ૫–૫ '૮૩ તથા તા. ૧૭–૫–'૮૩ના રોજ બપોરના ૩–૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

		તા. ૫–૫–'૮૩	તા. ૧૭–૫–'૮૩
૧.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર	હાજર
૨.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર	હાજર
૩.	શ્રી. એ. ટી. દેસાઈ	ગેરહાજર	હાજર
૪.	આચાર્ય જી. બી. પરીખ	હાજર	ગેરહાજર.

બંને સભાઓનું પ્રમુખસ્થાન ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું.

નીચે પ્રમાણે અરજીઓ નિયત સમયમર્યાદામાં યુનિવર્સિટીને મળી હતી :

ક્રમાંક	સંસ્થાનું નામ	જે અભ્યાસક્રમ–વિદ્યાશાખા માટે અરજી છે તેનું નામ
૧.	શાકુન્તલ એજ્યુ. ટ્રસ્ટ, અમદાવાદ	શિક્ષણની નવી કૉલેજ (હિંદી માધ્યમ)
૨.	ગાંધીધામ કૉલેજગ્રેટ બોર્ડ, આદિપુર	શિક્ષણની નવી કૉલેજ
૩.	સોશિયલ સર્વિસ સર્કલ ટ્રસ્ટ, ગાંધીધામ	શિક્ષણની નવી કૉલેજ (હિંદી માધ્યમ)
૪.	સાવલી તાલુકા કેળવણી મંડળ, સાવલી	શિક્ષણની નવી કૉલેજ
૫.	ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ દાહોદ	દેવગઢબારિયા ખાતે શિક્ષણની નવી કૉલેજ
૬.	ભારતીય વિદ્યાભવન, ડાંગર	શિક્ષણની નવી કૉલેજ
૭.	વીરમગામ કૉલેજ કેળવણી મંડળ, વીરમગામ	,, ,,
૮.	શામળાજી પ્રદેશ કેળવણી મંડળ, શામળાજી	,, ,,
૯.	પ્રેમપ્રકાશ સેવા મંડળ, અમદાવાદ	વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ
૧૦.	શ્રી. બાવડ કેળવણી મંડળ, બાવડ	વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ

૧૧.	ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ	દાહોદ ખાતે વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ
૧૨.	ન્યૂ પ્રોગ્રેસિવ એજ્યુ. ટ્રસ્ટ, મહેસાણા	બહેનો માટેની વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ
૧૩.	મ્યુ. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મહેસાણા	વિજ્ઞાનની નવી વિદ્યાશાખા

ત્યાર બાદ શિક્ષણની કૉલેજ માટેની પ્રત્યેક જોડાણઅરજી પરત્વે એકેડેમિક કાઉન્સિલને નીચે પ્રમાણે ભલામણ કરવા અંગે ઠરાવવામાં આવ્યું :

(૧) શાકુતલ એજ્યુકેશન, ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૮૪થી અમદાવાદ ખાતે હિંદી માધ્યમની શિક્ષણની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી પર નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

"ગુજરાત રાજ્યમાં ૪૫ માધ્યમિક શિક્ષક તાલીમી કૉલેજો છે અને તેમાંથી ૫૫૦૦ બી.એડ.ની તાલીમ પામેલા શિક્ષકો પ્રતિવર્ષ બહાર પડે છે. રાજ્યની માધ્યમિક શાળાઓમાં ⅓ નિવૃત્તિ દર પ્રતિવર્ષે ૨૦૦ જેટલી માધ્યમિક શાળાઓનો વધારો અને ચાલુ શાળાઓના વિસ્તરણને કારણે આશરે ૧૫૦૦થી ૨૦૦૦ નવા શિક્ષકોની નિમણૂકો માટે અવકાશ રહે છે. તેથી પ્રતિવર્ષ રાજ્યમાં હિંદી માધ્યમ સહિતના આશરે ૩૫૦૦થી ૪૦૦૦ તાલીમ પામેલા શિક્ષકો માટે નોકરી મેળવવાને અવકાશ રહેતો નથી, તેથી તે જોતાં જૂન, ૧૯૮૪થી શિક્ષણની નવી કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી."

(૨) ગાંધીધામ કૉલેજીએટ બોર્ડ, આદિપુર તરફથી જૂન, ૧૯૮૪થી આદિપુર ખાતે શિક્ષણની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી પર નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

"ગુજરાત રાજ્યમાં ૪૫ માધ્યમિક શિક્ષક તાલીમી કૉલેજો છે અને તેમાંથી ૫૫૦૦ બી.એડ.ની તાલીમ પામેલા શિક્ષકો પ્રતિવર્ષ બહાર પડે છે. રાજ્યની માધ્યમિક શાળાઓમાં ⅓ નિવૃત્તિ દર, પ્રતિવર્ષે ૨૦૦ જેટલી માધ્યમિક શાળાઓનો વધારો અને ચાલુ શાળાઓના વિસ્તરણને કારણે આશરે ૧૫૦૦થી ૨૦૦૦ નવા શિક્ષકોની નિમણૂકો માટે અવકાશ રહે છે, તેથી પ્રતિવર્ષ રાજ્યમાં હિંદી માધ્યમ સહિતના આશરે ૩૫૦૦થી ૪૦૦૦ તાલીમ પામેલા શિક્ષકો માટે નોકરી મેળવવાને અવકાશ રહેતો નથી. તેથી તે જોતાં જૂન, ૧૯૮૪થી શિક્ષણની નવી કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી."

(૩) સોશિયલ સર્વિસ સર્કલ ટ્રસ્ટ, ગાંધીધામ તરફથી ગાંધીધામ ખાતે જૂન, ૧૯૮૪થી નવી હિંદી માધ્યમની શિક્ષણની કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી પર નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

"ગુજરાત રાજ્યમાં ૪૫ માધ્યમિક શિક્ષક તાલીમી કૉલેજો છે અને તેમાંથી ૫૫૦૦ બી.એડ.ની તાલીમ પામેલા શિક્ષકો પ્રતિવર્ષ બહાર પડે છે. રાજ્યની માધ્યમિક શાળાઓમાં

⅓ નિવૃત્તિ દર, પ્રતિવર્ષે ૨૦૦ જેટલી માધ્યમિક શાળાઓનો વધારો અને ચાલુ શાળાઓના વિસ્તરણને કારણે આશરે ૧૫૦૦થી ૨૦૦૦ નવા શિક્ષકોની નિમણૂકો માટે અવકાશ રહે છે, તેથી પ્રતિવર્ષ રાજ્યમાં હિન્દી માધ્યમ સહિતના આશરે ૩૫૦૦થી ૪૦૦૦ તાલીમ પામેલા શિક્ષકો માટે નોકરી મેળવવાને અવકાશ રહેતો નથી. તે જોતાં જૂન. ૧૯૮૪થી શિક્ષણની નવી કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી."

(૪) સાવલી તાલુકા કેળવણી મંડળ, સાવલી તરફથી સાવલી ખાતે જૂન, ૧૯૮૪થી નવી શિક્ષણની કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી પર નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

"ગુજરાત રાજ્યમાં ૪૫ માધ્યમિક શિક્ષક તાલીમી કૉલેજો છે અને તેમાંથી ૫૫૦૦ બી.એડ.ની તાલીમ પામેલા શિક્ષકો પ્રતિવર્ષ બહાર પડે છે. રાજ્યની માધ્યમિક શાળાઓમાં ⅓ નિવૃત્તિ દર, પ્રતિવર્ષ ૨૦૦ જેટલી માધ્યમિક શાળાઓનો વધારો અને ચાલુ શાળાઓના વિસ્તરણને કારણે આશરે ૧૫૦૦થી ૨૦૦૦ નવા શિક્ષકોની નિમણૂકો માટે અવકાશ રહે છે, તેથી પ્રતિવર્ષ રાજ્યમાં હિન્દી માધ્યમ સહિતના આશરે ૩૫૦૦થી ૪૦૦૦ તાલીમ પામેલા શિક્ષકો માટે નોકરી મેળવવાને અવકાશ રહેતો નથી. તેથી તે જોતાં જૂન, ૧૯૮૪થી શિક્ષણની નવી કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી."

(૫) ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ તરફથી દેવગઢબારિયા ખાતે જૂન, ૧૯૮૪થી શિક્ષણની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પર નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

"ગુજરાત રાજ્યમાં ૪૫ માધ્યમિક શિક્ષક તાલીમી કૉલેજો છે અને તેમાંથી ૫૫૦૦ બી.એડ.ની તાલીમ પામેલા શિક્ષકો પ્રતિવર્ષ બહાર પડે છે. રાજ્યની માધ્યમિક શાળાઓમાં ⅓ નિવૃત્તિ દર, પ્રતિવર્ષ ૨૦૦ જેટલી માધ્યમિક શાળાઓનો વધારો અને ચાલુ શાળાઓના વિસ્તરણને કારણે આશરે ૧૫૦૦ થી ૨૦૦૦ નવા શિક્ષકોની નિમણૂકો માટે અવકાશ રહે છે. તેથી પ્રતિવર્ષ રાજ્યમાં હિન્દી માધ્યમ સહિતના આશરે ૩૫૦૦ થી ૪૦૦૦ તાલીમ પામેલા શિક્ષકો માટે નોકરી મેળવવાને અવકાશ રહેતો નથી, તેથી તે જોતાં જૂન, ૧૯૮૪થી શિક્ષણની નવી કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી".

(૬) ભારતીય વિદ્યાભવન, ટ્રસ્ટ, ડાકોર તરફથી ડાકોર ખાતે જૂન, ૧૯૮૪ થી નવી શિક્ષણની કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પર નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

"ગુજરાત રાજ્યમાં ૪૫ માધ્યમિક શિક્ષક તાલીમી કૉલેજો છે અને તેમાં ૫૫૦૦ બી.એડ.ની તાલીમ પામેલા શિક્ષકો પ્રતિવર્ષ બહાર પડે છે. રાજ્યની માધ્યમિક શાળાઓમાં ⅓ નિવૃત્તિ દર, પ્રતિવર્ષે ૨૦૦ જેટલી માધ્યમિક શાળાઓનો વધારો અને ચાલુ શાળાઓના વિસ્તરણને કારણે આશરે ૧૫૦૦ થી ૨૦૦૦ નવા શિક્ષકોની નિમણૂકો માટે અવકાશ રહે છે, તેથી પ્રતિવર્ષ રાજ્યમાં હિન્દી માધ્યમ સહિતના આશરે ૩૫૦૦ થી ૪૦૦૦ તાલીમ પામેલા શિક્ષકો માટે નોકરી મેળવવાને અવકાશ રહેતો નથી. તેથી તે જોતાં જૂન, ૧૯૮૪ થી શિક્ષણની નવી કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી."

(૭) વિરમગામ કેળવણી મંડળ, વિરમગામ તરફથી વિરમગામ ખાતે જૂન, ૧૯૮૪થી શિક્ષણની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પર નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

"ગુજરાત રાજ્યમાં ૪૫ માધ્યમિક શિક્ષક તાલીમી કૉલેજો છે અને તેમાંથી ૫૫૦૦ બી.એડ.ની તાલીમ પામેલા શિક્ષકો પ્રતિવર્ષ બહાર પડે છે. રાજ્યની માધ્યમિક શાળાઓમાં ૬ નિવૃત્તિ દર, પ્રતિવર્ષે ૨૦૦ જેટલી માધ્યમિક શાળાઓનો વધારો અને ચાલુ શાળાઓના વિસ્તરણને કારણે આશરે ૧૫૦૦થી ૨૦૦૦ નવા શિક્ષકોની નિમણૂકો માટે અવકાશ રહે છે. તેથી પ્રતિવર્ષ રાજ્યમાં હિન્દી માધ્યમ સહિતના આશરે ૩૫૦૦થી ૪૦૦૦ તાલીમ પામેલા શિક્ષકો માટે નોકરી મેળવવાને અવકાશ રહેતો નથી. તે જોતાં જૂન, ૧૯૮૪થી શિક્ષણની નવી કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી."

(૮) શામળાજી પ્રદેશ કેળવણી મંડળ, શામળાજી તરફથી શામળાજી ખાતે જૂન, ૧૯૮૪થી શિક્ષણની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પર નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

"ગુજરાત રાજ્યમાં ૪૫ માધ્યમિક શિક્ષક તાલીમી કૉલેજો છે અને તેમાંથી ૫૫૦૦ બી.એડ.ની તાલીમ પામેલા શિક્ષકો પ્રતિવર્ષ બહાર પડે છે. રાજ્યની માધ્યમિક શાળાઓમાં ૬ નિવૃત્તિ દર, પ્રતિવર્ષ ૨૦૦ જેટલી માધ્યમિક શાળાઓનો વધારો અને ચાલુ શાળાઓના વિસ્તરણને કારણે આશરે ૧૫૦૦થી ૨૦૦૦ નવા શિક્ષકોની નિમણૂકો માટે અવકાશ રહે છે. તેથી પ્રતિવર્ષ રાજ્યમાં હિન્દી માધ્યમ સહિતના આશરે ૩૫૦૦થી ૪૦૦૦ તાલીમ પામેલા શિક્ષકો માટે નોકરી મેળવવાને અવકાશ રહેતો નથી. તેથી તે જોતાં જૂન, ૧૯૮૪થી શિક્ષણની નવી કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી."

(૯) પ્રેમપ્રકાશ સેવા મંડળ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૮૪થી અમદાવાદમાં વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી :

"પ્રેમપ્રકાશ સેવા મંડળ, અમદાવાદ તરફથી આવેલી અરજીના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરમાં આવેલી આ જ પ્રકારની કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર પર્યાપ્ત ક્ષમતા છે તે જોતાં તથા ૧૯૮૨-૮૩માં આ જ પ્રકારની કૉલેજોની વિદ્યાર્થી-પ્રવેશ સંખ્યાને લક્ષમાં લેતાં વિનયન અને વાણિજ્યની કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી."

(૧૦) શ્રી બાયડ કેળવણી મંડળ, બાયડ તરફથી જૂન, ૧૯૮૪થી બાયડ ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી :

"શ્રી બાયડ કેળવણી મંડળ, બાયડ તરફથી આવેલ અરજીના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ વિસ્તારની આજુબાજુના વિસ્તારમાં આવેલી આ જ પ્રકારની કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પર્યાપ્ત ક્ષમતા છે તે જોતાં તથા ૧૯૮૨—૮૩માં આ જ પ્રકારની કૉલેજોની વિદ્યાર્થી-પ્રવેશ સંખ્યાને લક્ષમાં લેતાં વિનયનની તથા વાણિજ્યની કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી."

(૧૧) ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ તરફથી જૂન, ૧૯૮૪થી દાહોદ ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની નવા કૉલેજ માટે આવેલી અરજી :

"ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ તરફથી આવેલી અરજીના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ વિસ્તારની આજુબાજુના વિસ્તારમાં આવેલી આ જ પ્રકારની કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પર્યાપ્ત ક્ષમતા છે તે જોતાં તથા ૧૯૮૨—૮૩માં આ જ પ્રકારની કૉલેજોના વિદ્યાર્થી-પ્રવેશ સંખ્યાને લક્ષમાં લેતાં વિનયન અને વાણિજ્યની કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી."

(૧૨) ન્યૂ પ્રોગ્રેસિવ એજ્યુકેશન ટ્રસ્ટ, મહેસાણા તરફથી જૂન, ૧૯૮૪થી મહેસાણા ખાતે બીજો માટેની વિનયન અને વાણિજ્યની કૉલેજ માટે આવેલી અરજી :

"ન્યૂ પ્રોગ્રેસિવ એજ્યુકેશન ટ્રસ્ટ, મહેસાણા તરફથી આવેલી અરજીના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ વિસ્તારની આજુબાજુના વિસ્તારમાં આવેલી આ જ પ્રકારની કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પર્યાપ્ત ક્ષમતા છે તે જોતાં તથા ૧૯૮૨-૮૩માં આ જ પ્રકારની કૉલેજોની વિદ્યાર્થી-પ્રવેશ સંખ્યાને લક્ષમાં લેતાં વિનયનની તથા વાણિજ્યની કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી."

(૧૩) સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ, મહેસાણા તરફથી જૂન, ૧૯૮૪થી મહેસાણા ખાતેની વિનયન અને વાણિજ્યની કૉલેજ સાથે વિજ્ઞાનની વિદ્યાશાખા ઉમેરવા માટે આવેલ અરજી પરત્વે ઠરાવવામાં આવ્યું કે મહેસાણા જિલ્લા વિસ્તારમાં આવેલી વિજ્ઞાન કૉલેજોમાં જૂન, ૧૯૮૨-૮૩માં રહેલી અલ્પ સંખ્યાને લક્ષમાં લેતાં તથા આ કૉલેજોમાં પર્યાપ્ત ક્ષમતા છે તે જોતાં મહેસાણા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજમાં વિજ્ઞાનની વિદ્યાશાખા ઉમેરવા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી."

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

.....

કુલસચિવ.

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૨૦

અભ્યાસક્રમમાં પરિવર્તન માટે ભાષાવિજ્ઞાન વિષય માટેની ભલામણ

ભાષાવિજ્ઞાનના વિષયમાં છેલ્લાં થોડાં વરસમાં થયેલા વિકાસના સંદર્ભમાં આજે મળેલી ભાષાવિજ્ઞાન વિષયની ઍડહૉક સમિતિ સર્વાનુમતે નીચે પ્રમાણેના અભ્યાસક્રમો અને તે માટેનાં પેપરોની રૂપરેખા નીચે પ્રમાણે સૂચવે છે. અત્યારનો અભ્યાસક્રમ ૧૯૩૮માં યોજવામાં આવ્યો હતો. હવે પછી જૂન, ૧૯૮૩થી નીચે પ્રમાણેનો અભ્યાસક્રમ અમલમાં આવશે :

ભાષાવિજ્ઞાન વિભાગ એમ.એ.માં ગૌણ વિષય તરીકે પેપરોનો અભ્યાસક્રમ પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ કોર્સ ઇન ગ્રામર (ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી) તરીકે શનિવારે સાંજે અને રવિવારે સવારે ચાલનારા વર્ગોમાં ભણાવાશે અને આ જ બે પેપરો ડિપ્લોમા ઇન લિંગ્વિસ્ટિક્સ, ભાગ ૧નાં બે પેપરો તરીકે ભણાવાશે. આ કારણે એમ.એ.માં ભાષાવિજ્ઞાન ગૌણ વિષયમાં ઓછામાં ઓછા ૪૮ ટકા ગુણ મેળવનારા અને સર્ટિફિકેટ કોર્સ ઇન ગ્રામરમાં ઉત્તીર્ણ થનાર ઉમેદવારો સીધા ડિપ્લોમા ઇન લિંગ્વિસ્ટિક્સ, ભાગ ૨માં અત્યારે ચાલુ છે એ યોજના પ્રમાણે સીધા પ્રવેશ મેળવી શકશે.

એક વર્ષનો પોસ્ટ-ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ કોર્સ ઇન ગ્રામર (ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી)માં પ્રવેશ માટે ગમે તે વિષયનો સ્નાતક પાત્ર ગણાશે. ખાસ કરીને શાળાઓ, હાયર સેકન્ડરી શાળાઓ અને કૉલેજોમાં ભાષા શીખવતા શિક્ષકોને વધુ સજ્જ કરવાના આશયથી આ અભ્યાસક્રમ ઘડાયો છે. ઉમેદવારે દરેક પેપરમાં ૩૬ અને એગ્રીગેટ ૪૮ ટકા ગુણ મેળવ્યા હશે તો ઉત્તીર્ણ ગણાશે. ૬૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ ગણાશે. અત્યારે વિભાગ માત્ર ગુજરાતી અને સંસ્કૃત વ્યાકરણ ભણાવશે પછી જરૂર પડતાં અંગ્રેજી અને હિન્દી વ્યાકરણ શરૂ થશે.

એમ.એ. (ગૌણ) સર્ટિફિકેટ કોર્સ ઇન ગ્રામર અને ડિપ્લોમા ઇન લિંગ્વિસ્ટિક્સના અભ્યાસક્રમનાં પેપરો આ સાથે સામેલ છે.

સર્ટિફિકેટ કોર્સ ઇન લિંગ્વિસ્ટિક્સ

પેપર ૧—ભાષાવિજ્ઞાનના પાયાના સિદ્ધાંતો અને ભાષા પૃથક્કરણના સિદ્ધાંતો :

ભાષા અને આગમન ચિહ્ન-પ્રતીક-સંકેત.

સંકેતવિજ્ઞાન—ભાષા, અવગમન પ્રવૃત્તિ તરીકે માનવ અને માનવેતર અવગમનીની પ્રવૃત્તિ—માનવ અવગમનનાં સાધનો—વિવિધ વ્યવસ્થાઓની પૂરકતા—માનવીય અવગમનમાં ભાષાનું સ્થાન—

વાગ્ અવયવો અને એમનું કાર્ય—સ્વરો—વ્યંજનો અને ધ્વનિના અન્ય ગુણધર્મો—ઉચ્ચારણ-સ્થાન અને રીતના આધારે ધ્વનિઓનું વર્ણન—આંતરરાષ્ટ્રીય લિપિચિહ્નો અને તાલીમ-સહઉચ્ચારણ.

(*iii*) ધ્વનિઓ અને ધ્વનિઘટકો—ધ્વનિઘટકનો વિભાવ—ધ્વનિ—ધ્વનિઘટક ઉપઘટક—ધ્વનિઘટક તારવવાના સિદ્ધાંતો—ધ્વનિઘટકોની ઉપસ્થિતિ.

ધ્વનિના સહવર્તી ધર્મો—દીર્ઘતા, સ્વરભાર, સૂર, લય સાંધે, વિવિધ ભાષાઓની સામગ્રી અને પૃથક્કરણ—તાલીમ.

(*iv*) રૂપ—રૂપઘટક અને ઉપરૂપઘટકો—રૂપઘટકો તારવવાના સિદ્ધાંતો—આપેલ ભાષા-સામગ્રીમાંથી તારવવાની તાલીમ રચના અને તરત પછીના ઘટકો, રૂપોના પ્રકારો—રચના—અંગસાધન—પદસાધન વ્યાકરણી વિભાગો (કાર્યો)—સમાસરચના.

(*v*) વાક્યનું સ્વરૂપ—વાક્ય રચના અને સંરચના—વાક્ય અને ઉક્તિ—ક્રિયાવિધાન અને કારણ વાક્યના પ્રકારો.

વાક્યરચનાના સ્વરૂપ વિશેના વિવિધ સિદ્ધાંતો.

(*vi*) ભાષા વૈવિધ્ય અને બોલીઓ—સંક્ષિપ્ત પરિચય.

Books recommended for Paper I :

(1) Introduction to Theoretical Linguistics—John Lyons (Nindi translation is available)

(2) Language and its Structure—Langecker.

(3) Course in Modern Linguistics—Hockett

(4) Fundamentals of Linguistics Analysis—Langecker

(5) Signs and Words—Kondratov.

(૬) ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન—ડૉ. પ્રબોધ પંડિત

(૭) ભાષા, સમાજ અને સાહિત્ય—ડૉ. યોગેન્દ્ર વ્યાસ

પેપર ૨ :

વ્યાકરણ—ગુજરાતી અથવા સંસ્કૃત (પેપર ૬નો વિનિયોગ)

ધ્વનિરચના

—ધ્વનિઘટકો—ઉપઘટકો—એમની પ્રકૃતિ અને એમના વર્ગો.

—અક્ષરની રચના—સંધિના નિયમો.

રૂપરચના
Megascopic stndy of metallic and non-metallic minerals representing important mineral families.

Study of 25 thin sections of minerals.

Study of Crystal models representing all the systems with diagrams. Study of twin crystals with diagrams.

Practical III—Petrology and Optics

Megascopic and microscopic study of important representative rocks of Iqneous, sedimentary and metamoorphic types.

Interreference figures, Optic sign determination, pleachroic scheme.

Practical IV—Structural Geology, Applied Geology Photogeology and Field-work.

Section and description of geological maps with structural features such as unconformity, overlap, folding, faulting, inliers, outliers, igneous intrusions. outcrop problems with one series of strate with inlier, outlier and faulting Graphical solutions of structural problems Orientation and reading of toposheets. Uses of clinometer and Brunton compass. Elementary plane table survey.

Study of storeo pair photos depicting typical land forms with the help of pocket or mirror stereoscope.

Viva Voce and field work and examination of journals.

Note.—Field work and keeping of systematic journals are compulsory.

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૩૧

તા. ૪–૭–૧૯૮૧ની એકિઝક્યુટિવ કાઉન્સિલે યુનિવર્સિટી સંલગ્ન બી.એડ. કૉલેજોમાં પ્રવેશની કાર્યવાહી નક્કી કરવા માટે કુલપતિશ્રીને આપેલ સત્તાનુસાર, કુલપતિશ્રીએ નીમેલ બી.એડ. કૉલેજોમાં પ્રવેશ આપવા અંગેની સમિતિની તા. ૪–૧–૧૯૮૪, તા. ૧૬–૧–૧૯૮૪ અને તા. ૨૧–૧–૧૯૮૪ની મળેલ સભાઓએ ચર્ચાવિચારણાને અંતે ૧૯૮૪–૮૫ના શૈક્ષણિક વર્ષથી નીચેના નિયમોને આધીન પ્રવેશ આપવા અંગે સર્વાનુમતે ભલામણ કરી :

[૧] વ્યવસ્થા અંગે :

૧. ૧૯૮૪–૮૫ના શૈક્ષણિક વર્ષથી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે, અગાઉના શૈક્ષણિક વર્ષની જેમ યુનિવર્સિટીમાં કેન્દ્રીય વ્યવસ્થા કૉમ્પ્યુટરાઈઝ્ડ પદ્ધતિના ઉપયોગથી ચાલુ રાખવી.

૨. ૧૯૮૪–૮૫ના શૈક્ષણિક વર્ષથી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગેની કેન્દ્રીય વ્યવસ્થા માટે "બી.એડ." પ્રવેશ સેલ ઊભો કરવો અને તેની રચના કરવા માટે કુલપતિશ્રીને જણાવવું.

૩. પ્રવેશની કેન્દ્રીય વ્યવસ્થા માટે રચવાના સેલમાં દરેક કૉલેજનું પ્રતિનિધિત્વ સચવાય તે જોવું અને તે માટે આચાર્યો પાસેથી આ વ્યવસ્થામાં જોડાવા ઇચ્છતા બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની વિગત મંગાવવી. આ ઉપરાંત કન્વીનરને યોગ્ય લાગે તેવી સ્થાનિક શૈક્ષણિક કાર્ય કરતી વ્યક્તિઓના સહકાર મેળવવો.

૪. પ્રવેશ અંગેનાં અરજીપત્રક અને માહિતીપત્રક યુનિવર્સિટી તૈયાર કરે અને તે યુનિવર્સિટી-માંથી જ મળી શકે તેવી વ્યવસ્થા કરવી.

૫. પ્રવેશ માટેનાં અરજીપત્રક પ્રવેશાર્થીઓએ યુનિવર્સિટીને રજિસ્ટર્ડ પોસ્ટથી જ મોકલવાનાં રહેશે અથવા રૂબરૂમાં બી.એડ. સેલમાં આપી શકાશે, પરંતુ તેની પહોંચ અવશ્ય મેળવવી જોઈએ.

૬. સને ૧૯૮૪–૮૫ના શૈક્ષણિક વર્ષ માટે અરજીપત્રક રૂબરૂમાં આપવા તેમ જ તે ભરીને પરત પહોંચાડવાની છેલ્લી તારીખ ૧૫મી માર્ચ, ૧૯૮૪ રહેશે. જાહેરાત સમાચારપત્રોમાં યુનિવર્સિટી તરફથી કરવામાં આવશે. સ્નાતક થયેલા અને સ્નાતકની પરીક્ષામાં ચાલુ સાલે બેસનાર સહિતના ઉમેદવારોએ મોડામાં મોડા ૧૫મી માર્ચ સુધીમાં રજિસ્ટર્ડ પો.ટી.થી અરજીપત્રક બી.એડ. સેલને પહોંચે તે રીતે મોકલવાનાં રહેશે અથવા રૂબરૂમાં બી.એડ. સેલમાં પહોંચ મેળવીને આપી શકાશે.

૭. પ્રવેશની ગુણવત્તા યાદી કોમ્પ્યુટર મારફત યુનિવર્સિટી તૈયાર કરીને કોલેજોને ત્રણ નકલમાં મોકલશે.

૮. ચાલુ શૈક્ષણિક વર્ષમાં ઓટલે કે માર્ચ–એપ્રિલ, ૧૯૮૪ની પરીક્ષામાં બેસનાર સિવાયના પ્રવેશાર્થીઓને પ્રવેશ ૧લી જૂન સુધીમાં આપાશે અને તે પ્રવેશની યાદી કોલેજોને ૧૬મી મે સુધીમાં મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

૯. ૧૦મી જૂન સુધીમાં યુનિવર્સિટીને કોલેજોએ આપેલ પ્રવેશ અને નહીં આપેલ પ્રવેશ અંગેની વિગતો મોકલી આપવાની રહેશે.

[૨] પ્રવેશ અંગેની ગુણવત્તા યાદી માટેનાં ધોરણો :

૧. ગુણવત્તા યાદી તૈયાર કરવા માટે નીચે પ્રમાણે કુલ ગુણાંક ગણવાના રહેશે :

(અ) ટી.વાય.ના જે ટકા હોય તે ટકા

(બ) અનુસ્નાતક દ્વિતીય ભાગની પરીક્ષામાં પ્રાપ્ત થયેલ ટકાના ૨૦ ટકા

નોંધ.—(૧) સ્નાતક અને અનુસ્નાતક કક્ષાઓ ગુણાંકની ગણતરીમાં આંતરિક ગુણાંક લક્ષમાં લેવાશે નહીં.

(૨) ઉપર મુજબ કરેલ ગુણાંકમાં કોઈપણ બે કે તેથી વધુ પ્રવેશાર્થીઓના ગુણાંક એકસરખા થતા હોય તો જે તે પ્રવેશાર્થીઓના તેમણે પસાર કરેલ નીચેની પરીક્ષાઓના કુલ ગુણની ટકાવારી ધ્યાનમાં લઈને તેમાં જે પ્રવેશાર્થીના ટકા વધારે હોય તેને પ્રથમ પસંદગી આપવી :

૧. એસ.વાય.ની પરીક્ષા

૨. એફ. વાય.ની પરીક્ષા

(૩) તમામ શૈક્ષણિક લાયકાતોની માર્કશીટની સુવાચ્ય પ્રમાણિત ઝેરોક્ષ નકલો અરજીપત્રક સાથે જોડવાની રહેશે.

[૩] વિષય પદ્ધતિની પસંદગીનાં ધોરણો :

(અ) વિનયનના સ્નાતક—અનુસ્નાતક માટે :

૧. કોલેજોમાં આપાતી વિષયપદ્ધતિઓ પૈકીની એક વિષય સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ મુખ્ય વિષય હોય તેવા પ્રવેશાર્થીઓને તેમના ગુણાંકના ક્રમ પ્રમાણે એ વિષયની પદ્ધતિમાં પ્રથમ પ્રવેશ આપાશે.

૨. ઉપર (૧) મુજબ પ્રવેશ આપાયા બાદ ખાલી જગ્યાઓ રહે તો સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ પ્રથમ ગૌણ વિષય હોય તેવા પ્રવેશાર્થીઓને તેમના ગુણાંકના ક્રમ પ્રમાણે એ વિષયપદ્ધતિમાં પ્રવેશ આપાશે.

૩. ઉપર (૧) અને (૨) મુજબ પ્રવેશ આપ્યા બાદ ખાલી જગ્યાઓ રહે તો સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ દ્વિતીય ગૌણ વિષય હોય તેવા પ્રવેશાર્થીઓને તેમનાં ગુણાંકના ક્રમ પ્રમાણે એ વિષયપદ્ધતિમાં પ્રવેશ આપાશે.

૪. ઉપર (૧), (૨) અને (૩) મુજબ પ્રવેશ આપ્યા બાદ ખાલી જગ્યા રહે તો સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ મુખ્ય કે ગૌણ વિષયો તરીકે નીચેના વિષયો ધરાવતા હોય તેવા પ્રવેશાર્થીઓને તેમના ગુણાંકના ક્રમ પ્રમાણે નીચે જણાવેલ વિષયોની સામે જણાવેલી વિષયપદ્ધતિમાં પ્રવેશ આપાશે :

મુખ્ય ગૌણ વિષય		વિષયપદ્ધતિ
(૧) સોશિયોલોજી	...	ઇતિહાસ
(૨) ફિલોસોફી	...	ઇતિહાસ
(૩) સાયકોલોજી	...	ઇતિહાસ
(૪) પોલિટિકલ સાયન્સ	...	ઇતિહાસ
(૫) પર્શિયન	...	હિંદી
(૬) ઉર્દૂ	...	હિંદી
(૭) અરેબિક	...	હિંદી
(૮) હોમસાયન્સ (બી.એ.)	...	વિજ્ઞાન
(૯) પ્રાકૃત	...	સંસ્કૃત
(૧૦) અર્ધમાગધી	...	સંસ્કૃત

૫. ઉપર (૧), (૨), (૩) અને (૪) મુજબ પ્રવેશ આપ્યા બાદ ખાલી જગ્યાઓ રહે તો સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ અન્ય કોઈ પણ વિષય ધરાવતા પ્રવેશાર્થીઓને તેમના ગુણાંકના ક્રમ પ્રમાણે તે વિષયને અનુરૂપ પદ્ધતિમાં પ્રવેશ આપાશે.

(બ) વિજ્ઞાનના સ્નાતક—અનુસ્નાતક માટે :

૧. કોલેજમાં આપાતી વિષયપદ્ધતિઓ પૈકીની એક વિષય સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ મુખ્ય વિષય હોય તો તેવા પ્રવેશાર્થીઓને તેમના ગુણાંકના ક્રમ પ્રમાણે એ વિષયની પદ્ધતિમાં પ્રવેશ આપાશે.

૨. ઉપર (૧) મુજબ પ્રવેશ આપ્યા બાદ ખાલી જગ્યાઓ રહે તો સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ પ્રથમ ગૌણ વિષય હોય તેવા પ્રવેશાર્થીઓને તેમના ગુણાંકના ક્રમ પ્રમાણે એ વિષયપદ્ધતિમાં પ્રવેશ આપાશે.

૩. ઉપર (૧) અને (૨) મુજબ પ્રવેશ આપ્યા બાદ ખાલી જગ્યાઓ રહે તો સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ દ્વિતીય ગૌણ વિષય હોય તેવા પ્રવેશાર્થીઓને તેમનાં ગુણાંકના ક્રમ પ્રમાણે એ વિષયપદ્ધતિમાં પ્રવેશ આપાશે.

૪. ઉપર (૧), (૨) અને (૩) મુજબ પ્રવેશ આપાયા બાદ ખાલી જગ્યાઓ રહે તો સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ મુખ્ય કે ગૌણ વિષય તરીકે નીચેના વિષય ધરાવતા હોય તેવા પ્રવેશાર્થીઓને તેમના ગુણાંકના ક્રમ પ્રમાણે નીચે જણાવેલ વિષયની સામે જણાવેલ વિષયપદ્ધતિમાં પ્રવેશ આપાશે :

મુખ્ય ગૌણ વિષય		વિષયપદ્ધતિ
ગૃહવિજ્ઞાન (બી.એસસી.)	...	વિજ્ઞાન

૫. ઉપર (૧), (૨), (૩) અને (૪) મુજબ પ્રવેશ આપાયા બાદ ખાલી જગ્યાઓ રહે તો સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ અન્ય કોઈ પણ વિષય ધરાવતા પ્રવેશાર્થીઓને તેમના ગુણાંકના ક્રમ પ્રમાણે તે વિષયને અનુરૂપ વિષયપદ્ધતિમાં પ્રવેશ આપાશે.

(ક) વાણિજ્યના સ્નાતક—અનુસ્નાતક માટે :

૧. કૉલેજમાં અપાતી વિષયપદ્ધતિઓ પૈકીના એક વિષય સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ મુખ્ય વિષય હોય તેવા પ્રવેશાર્થીઓને તેમના ગુણાંકના ક્રમ પ્રમાણે એ વિષયની પદ્ધતિમાં પ્રવેશ આપાશે.

૨. ઉપર (૧) મુજબ પ્રવેશ આપાયા બાદ ખાલી જગ્યાઓ રહે તો સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ પ્રથમ ગૌણ વિષય હોય તેવા પ્રવેશાર્થીઓને તેમના ગુણાંકના ક્રમ પ્રમાણે એ વિષયપદ્ધતિમાં પ્રવેશ આપાશે.

૩. ઉપર (૧) અને (૨) મુજબ પ્રવેશ આપાયા બાદ ખાલી જગ્યાઓ રહે તો સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ દ્વિતીય ગૌણ વિષય હોય તેવા પ્રવેશાર્થીઓને તેમના ગુણાંકના ક્રમ પ્રમાણે એ વિષયપદ્ધતિમાં પ્રવેશ આપાશે.

૪. ઉપર (૧), (૨) અને (૩) મુજબ પ્રવેશ આપાયા બાદ ખાલી જગ્યાઓ રહે તો સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ મુખ્ય કે ગૌણ વિષય તરીકે નીચેના વિષયો ધરાવતા હોય તેવા પ્રવેશાર્થીઓને તેમના ગુણાંકના ક્રમ પ્રમાણે નીચે જણાવેલ વિષયોની સામે જણાવેલી વિષય પદ્ધતિમાં પ્રવેશ આપાશે :

મુખ્ય ગૌણ વિષય		વિષયપદ્ધતિ
(૧) વાણિજ્ય સંચાલન	...	વાણિજ્ય
(૨) અર્થશાસ્ત્ર	...	અર્થશાસ્ત્ર
(૩) બૅંકિંગ	...	વાણિજ્ય
(૪) એકાઉન્ટન્સી	...	બુકકીપિંગ
(૫) આંકડાશાસ્ત્ર	...	વાણિજ્ય ગણિત

૫. ઉપર (૧), (૨), (૩) અને (૪) મુજબ પ્રવેશ આપાયા બાદ ખાલી જગ્યાઓ રહે તો સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ તે વિષયને અનુરૂપ વિષય ધરાવતા પ્રવેશાર્થીઓને તેમના ગુણાંકના ક્રમ પ્રમાણે અન્ય કોઈ પણ વિષયપદ્ધતિમાં પ્રવેશ આપાશે.

[૪] પ્રત્યેક કૉલેજમાં કુલ જગ્યાઓમાં નીચે પ્રમાણે જુદા જુદા પ્રકારની જગ્યાઓની ટકાવારી રહેશે:

૧. ચાલુ વર્ષમાં ઉત્તીર્ણ થનાર સ્નાતકો માટે ઓછામાં ઓછી ૧૦ ટકા જગ્યાઓ રહેશે.

૨. કૉલેજમાં સરકાર તથા યુનિવર્સિટી દ્વારા જે તે સમયે નક્કી કરવામાં આવે તે પ્રમાણે આનામત જગ્યાઓ રાખવામાં આવશે. આનામત જગ્યાઓ માટેના ઉમેદવારોને પણ તેમના કુલ ગુણાંક અને વિષય અગ્રતાક્રમમાં ઊતરતા ક્રમમાં પ્રવેશ આપવામાં આવશે, પરંતુ નિયત સમયમર્યાદામાં જો આનામત જગ્યાઓ ન ભરાય તો ત્યાર બાદ જ જે તે જગ્યાઓ બિનઆનામત ગણી પ્રતીક્ષા યાદીમાંથી પ્રવેશાર્થીઓને ક્રમાનુસાર પ્રવેશ આપાશે.

[૫] બિનઆનામત કેટેગરીમાં ગુજરાત યુનિવર્સિટી, રાજ્યની અન્ય યુનિવર્સિટી અને રાજ્ય બહારની યુનિવર્સિટી માટે નીચે પ્રમાણેનું પ્રમાણ રાખવામાં આવશે:

૧. પ્રથમ જિલ્લાની ગુજરાત યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજોમાંથી સ્નાતક–અનુસ્નાતક થયેલા પ્રવેશાર્થીઓ, જિલ્લાના કાયમી વતની કે જેમણે જિલ્લા બહારની કૉલેજ–યુનિવર્સિટીમાંથી સ્નાતક કે અનુસ્નાતક પદવી મેળવી હોય, તેમજ જિલ્લાના કાયમી વતની સાથે લગ્ન કરેલાં સ્ત્રી પ્રવેશાર્થી હોય, અને જિલ્લા બહારની કૉલેજો–યુનિવર્સિટીમાંથી સ્નાતક–અનુસ્નાતકની પદવી મેળવી હોય તેવા પ્રવેશાર્થીઓનું પ્રમાણ ઓછામાં ઓછું ૭૦ ટકા રહેશે.

નોંધ.–પેટાનિયમ ૫ (૧) પ્રમાણેની જગ્યા પૂરી થયા પછી બાકીની જગ્યા નીચેના પેટાનિયમ (૫) (૨)અન્વયે પૂરી કરવામાં આવશે.

૨. ૫ (૧) સિવાયના ગુજરાત યુનિવર્સિટીના સ્નાતક અને અનુસ્નાતક પ્રવેશાર્થીઓ વધુમાં વધુ ૧૦ ટકા રહેશે.

નોંધ.–પેટાનિયમ ૫(૧) અને (૨) અન્વયેની જગ્યા પૂરી થયા પછી બાકીની જગ્યા નીચેના પેટાનિયમ ૫ (૩) અન્વયે પૂરી કરવામાં આવશે.

૩. રાજ્યની અન્ય યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાંથી સ્નાતક કે અનુસ્નાતક પ્રવેશાર્થીઓનું પ્રમાણ વધુમાં વધુ ૧૦ ટકા રહેશે.

૪. રાજ્ય બહારની યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાંથી સ્નાતક કે અનુસ્નાતક થયેલ પ્રવેશાર્થીઓનું પ્રમાણ વધુમાં વધુ ૨ ટકા રહેશે. આવા પ્રવેશાર્થીઓની સ્નાતક કે અનુસ્નાતક કક્ષાની બોધભાષા જે તે બી.એડ. કૉલેજની બોધભાષા હશે તો જ પ્રવેશને પાત્ર ગણાશે.

૫. "ક્વોટા" નીચેના વિશિષ્ટ સંજોગોને આધારે વધુમાં વધુ ત્રણ ટકા પ્રવેશાર્થીઓને પ્રવેશ આપશે :

(અ) માધ્યમિક / ઉચ્ચ માધ્યમિક શાળાના પૂર્ણકાલીન બિનતાલીમી શિક્ષકો હોય

(બ) નિરાધાર વિધવા, નિરાધાર ત્યક્તા બહેનો હોય (જે માટે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર અને સોગંદનામું રજૂ કરવાનું રહેશે)

(ક) દેશની સંરક્ષણ હોય કે સશસ્ત્રમાં કામ કરનારાના કે નજીકના સગા અહેલ પતિ, પત્ની, પુત્ર, પુત્રી હોય.

નોંધ.– "ક્વોટા"ની શ્રેણીમાં નહીં ભરાયેલી જગ્યા ઉપર પેટાનિયમ ૫ (૧), (૨) અને (૩) અન્વયે પૂરી કરવામાં આવશે.

૬. વિશિષ્ટ સંજોગો માટે આચાર્યશ્રીઓ ભલામણ કરેલી વધુમાં વધુ પાંચ ટકા જગ્યાઓ રહેશે, જે કુલપતિશ્રીની મંજૂરી મળ્યા પછી જ ભરી શકાશે.

(૬) સામાન્ય નિયમો :

૧. પ્રવેશાર્થીને જે તે કોલેજમાં પ્રવેશ આપાયા પછી નિયત સમયમર્યાદામાં નિયમાનુસાર ફી કોલેજમાં ભરવાની રહેશે. તેમ નહીં કરવામાં આવશે તો પ્રવેશ રદ થવાને પાત્ર બનશે.

૨. પ્રવેશ સંબંધી કોઈ પણ વિવાદ જો અને જ્યારે ઊભો થાય ત્યારે તેના ઉકેલના પ્રશ્ન કુલપતિશ્રીને સોંપવામાં આવશે અને તેમના નિર્ણય આખરી રહેશે.

૩. કોલેજના હોલ્ડ અગેના નિયમો પ્રવેશ માગેલ વિદ્યાર્થીઓ માટે બંધનકર્તા રહેશે.

૪. પ્રવેશાર્થીઓને તેમના સ્નાતક અનુસ્નાતક પદવીના ઉપર નિયત કરેલ જણાવ્યા પ્રમાણેના વિષયો પ્રમાણે એક વિષયની પદ્ધતિ સાથે યુનિવર્સિટીની બી.એડ. પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ આપાશે.

૫. પ્રવેશાર્થીને બીજી વિષયપદ્ધતિ તે જે કોલેજમાં પ્રવેશ મેળવે તે કોલેજમાં તેમની ગુણાંક કક્ષા, શૈક્ષણિક લાયકાત, કોલેજમાં જે તે વિષયપદ્ધતિની ક્ષમતાને ધ્યાનમાં લઈ કોલેજ નક્કી કરીને આપાશે અને તે બાબતમાં કોલેજના નિર્ણય આખરી રહેશે.

૬. બી.એડ. પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશાર્થીઓના પ્રવેશ કોલેજ માટે બંધનકર્તા રહેશે.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૩૬

College Lecturers :

(*a*) A consistently good academic record with at least high second class (*B in the seven point scale*) at the Master's degree in a relevant subject or an equivalent degree of a foreign university, and

(*b*) An M Phil degree or a recognised degree beyond the Master's level or published work indicating the capacity of a candidate for independent research work.

Provided that if the Selection Committee is of the view that the research work of a candidate as evident either from his thesis of from his published work is of a very high standard, it may relax any of the prescribed qualifications prescribed in (*a*) above.

Provided further that if a candidate possessing the qualification as at (*b*) above is not available or not considered suitable the college, on the recommendation of the Selection Committee may appoint a person possessing a consistently good academic record on the condition that he will have to obtain an M.Phil. degree or a recognised degree beyond the Master's level within five years of his appointment, failing which he will not be able to earn future increments till he obtains that degree or gives evidence of equivalent published work of high standard

Note.—(1) A consistently good academic record shall mean an average of 52.5 per cent of the total number of marks at any two previous examinations of the collegiate level held by a University or not less that 50% of marks in each of these two previous examinations

(2) High Second Class shall mean 50% of the total number of marks obtained at the post-graduate examination concerned.

(3) In any examination where the grade system is prevelant only B grade is required. No conversion of grade into marks shall be done for the purpose.

(4) For the purpose of arriving at percentage of marks secured by the candidate, marks obtained at both the interval and external examinations should be taken into account.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ—૩૮૦ ૦૦૯.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની ઍકેડેમિક કાઉન્સિલની સને ૧૯૮૪ના વર્ષની બીજી સભા શુક્રવાર, તા. ૨૨-૬-૧૯૮૪ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૨—૬—૧૯૮૪
૧.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી (કુલપતિશ્રી)	હાજર
૨.	શ્રી. કે. સી. પરીખ (ઉપકુલપતિશ્રી)	હાજર
૩.	શ્રી. ઉજમશી એ. કાપડિયા	હાજર
૪.	ડૉ. વી. સી. શાહ	હાજર
૫.	પ્રિ. આર. એચ. વ્યાસ	હાજર
૬.	પ્રિ. એમ. ડી. પંચોલી	હાજર
૭.	પ્રિ. બી. એમ. ત્રિવેદી	હાજર
૮.	ડૉ. એમ. આર. જોશી	ગેરહાજર
૯.	ડૉ. એચ. એસ. શાહ	ગેરહાજર
૧૦.	ડૉ. ડી. એસ. બરાન	હાજર
૧૧.	ડૉ. આર. જે. જોશી	હાજર
૧૨.	ડૉ. સી. કે. શાહ	ગેરહાજર
૧૩.	શ્રી. એચ. કે. ત્રિવેદી	હાજર
૧૪.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૧૫.	શ્રી. એન. એમ. પરીખ	હાજર
૧૬.	ડૉ. કે. આર. ચંદ્રા	ગેરહાજર
૧૭.	પ્રિ. સી. એલ. શાસ્ત્રી	ગેરહાજર
૧૮.	શ્રી. પી. એન. શેઠ	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૨–૬–૧૯૮૪
૧૯.	શ્રી. આર. એલ. પટેલ	હાજર
૨૦.	ડૉ. વી. પી. શાહ	હાજર
૨૧.	પ્રિ. પી. એ. પટેલ	હાજર
૨૨.	ડૉ. સી. જી. ખત્રી	હાજર
૨૩.	પ્રિ. એન. વી. પંડ્યા	ગેરહાજર
૨૪.	શ્રી. એ. ટી. દેસાઈ	ગેરહાજર
૨૫.	શ્રી. ધવલ જે. મહેતા	ગેરહાજર
૨૬.	ડૉ. આર. સી. સોનપાલ	હાજર
૨૭.	પ્રિ. એન. સી. સોનપાલ	હાજર
૨૮.	શ્રી. એસ. પી. કેલોગ	હાજર
૨૯.	શ્રી. એસ. બી. વોરા	હાજર
૩૦.	ડૉ. જે. એન. પટેલ	હાજર
૩૧.	પ્રિ. એન. એસ. પંડ્યા	હાજર
૩૨.	પ્રિ. પી. આર. દેસાઈ	હાજર
૩૩.	શ્રી. આઈ. એ. મોદી	ગેરહાજર
૩૪.	ડૉ. પી. સી. પરીખ	હાજર
૩૫.	પ્રિ. બી. એમ. પીરજાદા	હાજર
૩૬.	શ્રી. એ. આર. શાહ	હાજર.

૧. તા. ૨૫–૧–૧૯૮૪ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૮૪ના વર્ષની પહેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૫–૧–૧૯૮૪ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૮૪ના વર્ષની પહેલી સભાના કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૧. એસ.વાય.બી.એસસી.માં માઇક્રોબાયોલોજીનો સુધારેલો અભ્યાસક્રમ તથા તેને લગતા પ્રાયોગિક કાર્ય માટેની "ગાઈડ લાઇન્સ" જૂન ૧૯૮૪થી અમલમાં લાવ્યાનું;

૨. રેગ્યુ. સાયન્સ, ૧૪, થર્ડ બી.એસસી. (સ્પેશિયલ ડિગ્રી કોર્સ)માં ફિઝિક્સ પેપર ૬થી ૧૦ અને કેમેસ્ટ્રી પેપર ૬થી ૧૦ માટે જણાવેલ ઇન્ટર્નલ ઇવેલ્યુએશનના માર્ક્સ (પ્રેક્ટિકલ) દરેક માટે ૭૦ દર્શાવ્યા હતા. તે છાપભૂલ સુધારીને તેને બદલે ૭૫ માર્ક્સ કર્યાનું;

૩. (૧) એમ.ઇ. (મિકેનિકલ) સેમેસ્ટર ૧નો નવો અભ્યાસક્રમ જૂન ૧૯૮૩થી અમલમાં લાવ્યાનું;

(૨) બી.ઇ. (સેમેસ્ટર ૬) (મિકેનિકલ)ના જાન્યુઆરી ૧૯૮૪થી શરૂ થતા સત્રથી ન્યુમરિકલ એનાલિસિસ ઍન્ડ કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ તથા થર્મોડાયનેમિક્સ ૨ના અભ્યાસક્રમો અમલમાં લાવ્યાનું;

(૩) એમ.ઇ. (સિવિલ) સ્ટીલ સ્ટ્રકર અને એમ.ઇ. (સિવિલ) કાંક્રીટ સ્ટ્રકટરને બદલે એમ.ઇ. (સિવિલ) સ્ટ્રકચર્સનું નામાભિધાન બદલી તેને તાત્કાલિક અમલમાં લાવ્યાનું;

(૪) એમ.ઇ. (મિકેનિકલ) સેમેસ્ટર ૨, ૧૩૦૫માં ૫૦ માર્કસ ટર્મવર્કને બદલે પ્રેકિટકલ-ઓરલ માટે રાખી તે મુજબ સ્પષ્ટતા કર્યાનું;

(૫) બી.ઇ. ૩ (મિકેનિકલ) થર્મોડાયનેમિકસનું નામ થર્મોડાયનેમિકસ–૧ રાખી તે અંગે સ્પટષ્તા કર્યાનું;

(૬) બી.ઇ. ૩ (મિકેનિકલ) સેમેસ્ટર ૬ની ઇલેકિટવ વિષયોની ટીચિંગ અને એકઝામિનેશન સ્કીમ જાન્યુઆરી ૧૯૮૪થી શરૂ થતા સત્રથી અમલમાં લાવ્યાનું.

૪. ડેન્ટલ સર્જરી વિદ્યાશાખાની તા. ૧૩–૨–૧૯૮૪ની સભાની નીચેની ભલામણ મંજૂર કર્યાનું :

"ડેન્ટલ કાઉન્સિલે એમ.ડી.એસ.ના નવા અભ્યાસક્રમમાં ભાગ ૧ની પરીક્ષા લેવાનું સૂચવ્યું નથી તે મુજબ અભ્યાસસમિતિએ એમ.ડી.એસ.ના નવા અભ્યાસક્રમમાં બે વર્ષના અંતે પરીક્ષા લેવાનું સૂચવ્યું છે અને તે મુજબ સુધારેલા ઑર્ડિનાન્સો અને રેગ્યુલેશનો સ્વીકારવા અને તેનો અમલ જૂન ૧૯૮૩ના વર્ષમાં એમ.ડી.એસ.ના નવા અભ્યાસક્રમમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓને લાગુ પડે તે રીતે કરવા ભલામણ કરવામાં લાવ્યાનું તથા ઑર્ડિનાન્સો ૩૭૭, ૩૭૭–સી., ડી., જી., ઈ., એફ., સુધાર્યા નથી. અને રેગ્યુલેશન ૨૬૦, ૨૬૦–એ. અને ૨૬૦–એ. એ. સુધાર્યા તથા ઑર્ડિ. ૩૭૭–એ અને ઑર્ડિ. ૩૭૭–બી. રદ કર્યાનું.

૫. એમ.એ. ભાગ ૨, કો-ઑપરેશનના પ્રશ્નપત્ર ૨નો અભ્યાસક્રમ મંજૂર કરી જૂન ૧૯૮૩થી અમલમાં લાવ્યાનું;

૬. મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા તરફથી જૂન ૧૯૮૪થી એસ.વાય. બી.એ. (મુખ્ય)માં રાજ્યશાસ્ત્ર તથા એફ.વાય.બી.કૉમ. (મુખ્ય)માં બિઝનેસ મૅનેજમેન્ટનો અભ્યાસક્રમ શીખવવા તદર્થ ધોરણે (એડહૉક) જોડાણ માટેની અરજીના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૦–૩–૧૯૮૪ની સભાના ઠરાવ અનુસાર નિયુક્ત થયેલી સમિતિનો હેવાલ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૧(૪) અન્વયે સ્વીકાર્યાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૩. આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૬–૪–૧૯૮૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"Electronics Calculators may be permitted for numerical calculations in all examinations."

આથી ઠરાવવામાં આવે છે કે આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૬–૪–૧૯૮૪ની સભાની ઉપરોક્ત ભલામણ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓની વિચારણા માટે મોકલવી.

૪. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૮–૪–૧૯૮૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ બી.કોમ.ના વૈકલ્પિક વિષય "બિઝનેસ કોમ્યુનિકેશન"માંથી "વાઈવા" કાઢી નાખવો."

આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૮-૪-૧૯૮૪ની સભાની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૫. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૦–૧૧–૧૯૮૩ની સભાએ કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ વાણિજ્ય વિદ્યાશાખામાં બે "ઓપ્શનલ" પ્રશ્નપત્રો તરીકે રાખવા અંગે વિચારણા કરી અહેવાલ રજૂ કરવા અંગે નીમેલી સ્પેશિયલ સમિતિની તા. ૨૩-૩-૧૯૮૪ અને તા. ૨૮-૩-૧૯૮૪ની સભાની ભલામણો વાણિજ્ય વિદ્યાશાખાની તા ૧૮-૪-૧૯૮૪ની સભાએ સ્વીકારી હોઈ તથા કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ જૂન ૧૯૮૪થી અમલમાં લાવવા ભલામણ કરેલી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ વાણિજ્ય વિદ્યાશાખામાં બે વૈકલ્પિક (ઓપ્શનલ) પ્રશ્નપત્રો તરીકે રાખવા અંગે વિચારણા કરી હેવાલ રજૂ કરવા નિમાયેલી ખાસ સમિતિની તા. ૨૩–૩–૧૯૮૪ અને તા. ૨૮–૩–૧૯૮૪ની સભાની ભલામણો સ્વીકારવાની વાણિજ્ય વિદ્યાશાખાની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૩–૩–૧૯૮૪ અને તા. ૨૮–૩–૧૯૮૪ની સભાની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૬. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૮–૪–૧૯૮૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"એમ.કોમ. ભાગ ૧માં બિઝનેસ ફાઇનાન્સ (કમ્પલસરી)ના પ્રશ્નપત્રમાં સેકશન ૧ અને ૨માં નીચેના વિભાગોમાં નિર્દિષ્ટ સ્પષ્ટતા કરવી તથા તેને જૂન ૧૯૮૪થી અમલમાં લાવવા ભલામણ કરવામાં આવે છે :

Section I

3(A) Management of Cash.....પછી નીચેનો મુદ્દો ઉમેરવો :
Excluding problems on preparation of cash budget.

Section II

4(A) Capital Budgeting.....ના અને નીચેનો મુદ્દો ઉમેરવો :
Problems of pay back period and average rate of return method only.

4(B) Budgeting.....ના અંતે નીચેનો મુદ્દો ઉમેરવો :
Excluding problems on preparation of cash budget."

આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૮-૪-૧૯૮૪ની સભાની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

(સુધારેલ અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૭. ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫—૧—૧૯૮૪ની સભામાં ફોટોગ્રાફીના અભ્યાસક્રમને કઈ વિદ્યાશાખા હેઠળ મૂકવો તે અંગે સર્વગ્રાહી વિચારણા કરી અહેવાલ રજૂ કરવા અંગે નીમેલી સમિતિની તા. ૧૭-૨-૧૯૮૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ફોટોગ્રાફીના ડિપ્લોમા અભ્યાસક્રમનું નામ "ડિપ્લોમા ઇન સિનેમેટોગ્રાફી"ને બદલે "ડિપ્લોમા ઇન ફોટોગ્રાફિક ઍન્ડ વિડિયો ટેકનિક" (ડી.ફોટો.ટી.) રાખવું અને આ ડિપ્લોમા વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ છે તેને બદલે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની સંયુક્ત વિદ્યાશાખા હેઠળ મૂકવા ભલામણ કરવી. આ વિષયની સમિતિએ જે અભ્યાસક્રમ તૈયાર કર્યો છે તે મંજૂર કરવો. ઉપરાંત સમિતિએ નિમણૂંકો વિષે જે જોગવાઈ કરી છે તથા જે અંદાજપત્રની ભલામણ કરી છે તે પણ મંજૂર કરવી. આ વિષય ભણાવવા માટેની લાયકાતો તૈયાર કરવા માટે ઘટતું કરવું."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫-૧-૧૯૮૪ની સભામાં સદરહુ બાબત અંગે નીમેલ સમિતિની તા. ૧૭-૨-૧૯૮૪ની સભાની ઉપરોક્ત ભલામણ સ્વીકારવી તેમ જ સદરહુ સમિતિએ તૈયાર કરેલ અભ્યાસક્રમ અને તેને લગતી જરૂરી સાધનોની યાદી, પ્રવેશ અંગેના નિયમો, અંદાજી ખર્ચ, વિદ્યાર્થીસંખ્યા, જરૂરી કર્મચારીગણ, મકાન ઇત્યાદિ વિગતો પણ મંજૂર કરવી.

[સદરહુ સમિતિની તા. ૧૬—૧૨—૧૯૮૩ની સભાએ તૈયાર કરેલ

(૧) અભ્યાસક્રમ અને તેને લગતાં જરૂરી સાધનોની યાદી અને

(૨) પ્રવેશ અંગેના નિયમો, અંદાજી ખર્ચ, વિદ્યાર્થીસંખ્યા, જરૂરી કર્મચારીગણ, મકાન વગેરે અંગેની નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.]

૮. ફાર્મસી વિદ્યાશાખાની તા. ૨૭—૬—૧૯૮૩ અને તા. ૫/૧૧-૭-૧૯૮૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ફાર્મસી ડિગ્રી કે ડિપ્લોમા પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ ફરીથી યુનિવર્સિટીની પરીક્ષામાં બેસે ત્યારે અગાઉની પરીક્ષામાં મળેલા એક્ઝમ્પશન (વિષયમાં મળેલ મુક્તિ) ચાલુ રાખી બાકીના અન્ય વિષયોમાં આંતરિક ગુણ સુધારવા માટે કૉલેજ દ્વારા લેવામાં આવતી આંતરિક પરીક્ષાઓમાં ચાલુ નિયમિત (રેગ્યુલર) વિદ્યાર્થીઓની સાથે બેસી શકે અને આ વિદ્યાર્થીઓએ જે તે વિષયની આપેલી આંતરિક કસોટી પરીક્ષાઓના આંતરિક મૂલ્યાંકનમાં મેળવેલ નવા ગુણ યુનિવર્સિટીને મોકલી આપવામાં આવે તો નવા આંતરિક ગુણ યુનિવર્સિટી સ્વીકારી તેમના જૂના અગાઉના જે તે વિષયના આંતરિક ગુણ રદ્દબાતલ રાખે અને વિદ્યાર્થીને તે પછી યુનિવર્સિટી પરીક્ષામાં બેસે ત્યારે તેમના નવા આંતરિક ગુણ ગણતરીમાં લઈ પરિણામ આપવું. આ પ્રમાણેની ખાસ સુવિધા નાપાસ થયેલા વિદ્યાર્થીઓના આગળની પરીક્ષામાં મેળવેલ એક્ઝમ્પશન ચાલુ રાખી ફરીથી પરીક્ષા આપે તેમને તેમના આંતરિક મૂલ્યાંકન સુધારવા માટે આપવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯. યુનિવર્સિટી કાર્યાલયમાં પરીક્ષા નિયામકની જગ્યા માટે તા. ૯-૪-૧૯૮૪ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૯-૪-૧૯૮૪ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં પરીક્ષા નિયામકની જગ્યા પર શ્રી કે. આર. જોશીની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૯-૪-૧૯૮૪ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૧૦. ભાષા-સાહિત્ય ભવનમાં લેક્ચરર ઇન સંસ્કૃતની જગ્યા માટે તા. ૧૭-૨-૧૯૮૪ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૧૭—૨-૧૯૮૪ ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ ભાષાસાહિત્ય ભવનમાં લેક્ચરર ઇન સંસ્કૃતની જગ્યા પર ડૉ. વસંતકુમાર એમ. ભટ્ટની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૧૭-૨-૧૯૮૪ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૧૧. યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ કુલસચિવ-કમ-કુલપતિશ્રીના અંગત સચિવની જગ્યા માટે તા. ૧૧-૪-૧૯૮૪ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૧૧-૪-૧૯૮૪ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં કુલપતિશ્રીના અંગત સચિવ-કમ-મદદનીશ કુલસચિવની જગ્યા પર શ્રી બી. ટી. પઠાણની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૧૧—૪—૧૯૮૪ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૧૨. ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સ અંગેની સ્થાયી સમિતિની તા. ૨૮-૨-૧૯૮૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સ અંગેની સ્થાયી સમિતિની તા. ૨૮-૨-૧૯૮૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૮-૨-૧૯૮૪ની સભાની ભલામણોની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૧૩. કુલપતિશ્રીએ નીમેલ પરીક્ષા સંચાલન સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આ યુનિવર્સિટીની પરીક્ષાના કોઈ પણ વિષય કે પેપરનું પાઠ્યપુસ્તક બદલાય ત્યારે જે તે પાઠ્યપુસ્તક મુજબ બે પરીક્ષા લેવાનું આ સમિતિ ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની પરીક્ષા માટેના ફરજિયાત અંગ્રેજી વિષયના પ્રશ્નપત્રનું પાઠ્યપુસ્તક બદલાય ત્યારે ફરજિયાત અંગ્રેજી વિષયના જૂના પાઠ્યપુસ્તક મુજબ વધુ બે વખત પરીક્ષા લેવાનું રાખવું.

૧૪. કાયદાની વિદ્યાશાખામાં પાંચ વર્ષના અભ્યાસક્રમમાં પ્રવેશની જોગવાઈ કરવા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાના Schedule III ના સ્ટેચ્યૂટ–૨માં નીચે મુજબ ઉમેરો કરવા અંગે વિચારણા કરવા બાબત :

સ્ટે. ૨માં નીચેની કંડિકા ઉમેરવા અંગે :

"For admission to the First Year of Five Years Law Course a candidate should have passed the Higher Secondary School Certificate conducted by the Gujarat Secondary Education Board or an examination considered by the University as equivalent thereto, and has obtained 45 per cent marks in the aggregate in the qualifyiug examination for admission; provided that in case of students belonging to Scheduted case and Scheduled tribe, a relaxation of marks upto 5% in the qualifying examination may be given."

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાના Schedule–III સ્ટેચ્યૂટ–૨માં ઉપર મુજબ કંડિકા ઉમેરવા માટે યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૫. બીજા વર્ષે બી.એ.માં ડિફેન્સ સ્ટડીઝના અભ્યાસક્રમો સૂચવવા અંગે તા. ૨૧–૫–૧૯૮૪ના રોજ મળેલી સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ડિફેન્સ સ્ટડીઝ વિષયનો અભ્યાસક્રમ ગૌણ કક્ષા સુધીનો રાખવા અગાઉ નક્કી થયું હતું. પરંતુ ચર્ચાવિચારણા પછી ભલામણ કરવામાં આવે છે કે આ વિષયનો અભ્યાસક્રમ મુખ્ય વિષય તરીકે રાખવો અને તેના સંદર્ભમાં બીજા વર્ષ બી.એ.ના પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ સૂચવવામાં આવે છે, જે જૂન ૧૯૮૪ થી અમલમાં મૂકવો."

આથી ઠરાવવામાં આવે છે કે દ્વિતીય વર્ષ બી.એ.માં ડિફેન્સ સ્ટડીઝનો અભ્યાસક્રમ સૂચવવા અંગેની સમિતિની તા. ૨૧–૫–૧૯૮૪ની સભાની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

(અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૧૬. કાયદાની વિદ્યાશાખાની તા. ૨૬–૫–૧૯૮૪ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"કાયદાના પાંચ વર્ષના નવા સુગ્રંથિત અભ્યાસક્રમ (વ્યાવસાયિક)ની બાબતમાં આ

વિદ્યાશાખાએ તેના અગાઉના ઠરાવોથી અને વિશેષતઃ તેની તા. ૭-૧૧-૧૯૮૩ અને તા. ૧૨-૧૧-૧૯૮૩ની સભાઓમાં કરેલા ઠરાવથી પોતાનો અભિપ્રાય સ્પષ્ટ રીતે વ્યક્ત કરેલો છે.

પુનરુચ્ચારણ કરવું આવશ્યક હોવ થી આ સભા સ્પષ્ટ કરે છે કે મુખ્યત્વે કરીને (૧) જ્યાં સુધી વિનયન, વાણિજ્ય તથા વિજ્ઞાનની કોલેજોની જેમ જ કાયદાની કોલેજોને ગ્રાન્ટ આપવામાં ન આવે; (૨) વિદ્યાર્થીઓની સંખ્યા અને તદનુસાર શિક્ષકોની સંખ્યાની બાબતમાં તેમ જ પૂરા સમયના અને ખંડસમયના શિક્ષકોની બાબતમાં જે પ્રમાણો (રેશિયો) બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ ઠરાવ્યા છે તે પ્રમાણોને વાસ્તવિકતાઓના સંદર્ભમાં વ્યવહાર બને તે રીતે નક્કી કરવામાં ન આવે, તેમ જ (૩) સ્નાતક વિદ્યાર્થીઓ સવાર અથવા સાંજની કાયદાની કોલેજો દ્વારા વકીલાતના વ્યવસાયમાં જઈ શકે તેવો પ્રબંધ કરવામાં ન આવે ત્યાં સુધી કાયદાના પાંચ વર્ષના નવા સુગ્રથિત અભ્યાસક્રમ (વ્યાવસાયિક)ને દાખલ કરવો નહીં એવો અભિપ્રાય આ વિદ્યાશાખા સર્વાનુમતે, સ્પષ્ટ રીતે અને ભારપૂર્વક વ્યક્ત કરે છે. આ અભિપ્રાયને બાધ ન આવે તે રીતે કાયદાના પાંચ વર્ષના નવા સુગ્રથિત અભ્યાસક્રમ (વ્યાવસાયિક)ને અનુલક્ષીને નીચે પ્રમાણે ધારાધોરણો મંજૂર કરવામાં આવે છે :

પહેલા અને બીજા વર્ષ પ્રો. લો ના અભ્યાસક્રમો સહિત મંજૂર કરેલાં ધારાધોરણો લો ઑ. ૧ (ન્યૂ), લો ઑ. ૨ (ન્યૂ), લો ઑ. ૩ (ન્યૂ), લો આર. ૧ (ન્યૂ), લો આર. ૨ (ન્યૂ), લો આર. ૩ (ન્યૂ), લો આર. ૪ (ન્યૂ) આ સાથે આવેલ પરિશિષ્ટ સુજ્ઞ સામેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે કાયદાની વિદ્યાશાખાની તા. ૨૬-૫-૧૯૮૪ની સભાના ઉપરોક્ત ઠરાવના પેરા–૧ની નોંધ લેવી તેમ જ એલએલ.બી. ડિગ્રી માટેના ૫ વર્ષના નવા અભ્યાસક્રમને અનુલક્ષીને સૂચવેલાં ધારાધોરણો લો ઑ. ૧ (ન્યૂ), લો ઑ. ૨ (ન્યૂ), લો. ઑ, ૩ (ન્યૂ), અને લો ઑ. ૪ (ન્યૂ), મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સુધારેલાં ધારાધોરણોની નકલ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૧૭. ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ની કલમ ૩(૨), વર્ગ–ખ અન્વયે યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલના સભ્યો પૈકી શ્રી. નરહરિભાઈ પરીખની ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૦-૬-૧૯૮૩ની સભામાં વરણી કરેલી, તેઓની જગ્યા ખાલી પડી છે અને તે ખાલી જગ્યા ઉપર અનુગામી સભ્યની નિમણૂક કરવા માટેના ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના સચિવશ્રીના તા. ૨૫-૫-૧૯૮૪ના પત્રાંક મશબ–સભ્ય–૮૪, ૮૫ની ખ. ૨૨૦૦ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ની કલમ ૩ (૨), વર્ગ–ખ અન્વયે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ પર એકેડેમિક કાઉન્સિલના સભ્ય શ્રી. નરહરિભાઈ પરીખની ખાલી પડેલી જગ્યા પર શ્રી. એ. ટી. દેસાઈની નિમણૂક કરવી.

૧૮. જૂન ૧૯૮૫ થી નવી કોલેજો / વિદ્યાશાખા શરૂ કરવા માટે આવેલી અરજીઓના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨) અન્વયે જરૂરિયાત નક્કી કરવા માટે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૮૫થી નવી કૉલેજો/વિદ્યાશાખા શરૂ કરવા માટે આવેલી અરજીઓના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અનુસાર જરૂરિયાત નક્કી કરવા માટે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલી સમિતિની ભલામણો પૈકી ધનસુરા અને મહેસાણા ખાતેની સૂચિત કૉલેજો સિવાય અન્ય સૂચિત કૉલેજો માટેની અરજીઓના સંદર્ભમાં કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સમિતિની ભલામણો મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ધનસુરા અને મહેસાણા ખાતેની સૂચિત કૉલેજો માટે આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ 'ઠ'** તરીકે સામેલ છે.)

૧૯. ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડ, આદિપુર (કચ્છ) તરફથી તેઓ દ્વારા સંચાલિત પોલિટેકનિકને જૂન ૧૯૮૪ થી ડિપ્લોમા-ઇન-ફાર્મસીના અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણઅરજી

આથી ઠરાવવામાં આવે છે કે ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડ, આદિપુરની પોલિટેકનિક સંસ્થામાં ફાર્મસીની વિદ્યાશાખામાં ડિપ્લોમાનો અભ્યાસક્રમ શીખવવા માટે તે એકમ તરીકે શિક્ષકગણની નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૭—૧૯૮૪ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ ડિપ્લોમા અને દ્વિતીય વર્ષ ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૪થી તા. ૧૪-૬-૧૯૮૫ સુધીનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણેની નિમણૂંકો કરવામાં આવે :

(અ) પાત્રતા ધરાવતા આચાર્યશ્રીની નિમણૂક કરવામાં આવે :

(બ) ૧૯૮૪—૮૫ના વર્ષ માટે

(૧) અંગ્રેજીના વ્યાખ્યાતા
(૨) ફિઝિક્સના વ્યાખ્યાતા
(૩) બાયોલોજીના વ્યાખ્યાતા
(૪) એનેટોમી-ફિઝિયોલોજીના વ્યાખ્યાતા
(૫) કેમેસ્ટ્રીના વ્યાખ્યાતા

(ક) ૧૯૮૫—૮૬ના વર્ષ માટે

ઉપર (બ)માં જણાવ્યા ઉપરાંત—
(૧) કેમેસ્ટ્રીના એમ.ફાર્મ. (પદવીધર) વ્યાખ્યાતા
(૨) ફાર્માકોગ્નોસીના વ્યાખ્યાતા
(૩) ફાર્માસ્યુટિક્સના વ્યાખ્યાતા
(૪) ફાર્માકોલોજીના વ્યાખ્યાતા

(આચાર્યશ્રી જે વિષયની પાત્રતા ધરાવતા હોય તે વિષયના વ્યાખ્યાતાની નિમણૂક કરવાની જરૂર રહેશે નહીં).

(૨) કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રવર્તમાન ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

૧. વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો.
૨. વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો.
૩. શિક્ષકો માટેનો ખંડ.
૪. વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવો).
૫. વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા ૧૦ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સહિતનો).
૬. ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિતનું ગ્રંથાલય.
૭. આચાર્ય માટેનો ખંડ
૮. પીવાના પાણી માટેનો ખંડ
૯. શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા

(૩) ગ્રંથાલય માટે રૂ. ૧૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.
(રૂ. ૭,૦૦૦ પુસ્તકો માટે + રૂ. ૪,૦૦૦ સામયિકો માટે)

(૪) પ્રયોગશાળામાં સાધનો, રાયરચીલું, રસાયણો, વગેરે માટે રૂ. ૪૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે તથા ૧૯૮૫–૮૬ ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન રૂ. ૬૦,૦૦૦ના ખર્ચ માટેની જોગવાઈ કરવામાં આવે;

(૫) ફાર્માસ્યુટિકસની પ્રયોગશાળા, મશીનરી, બાયોલોજીના મ્યુઝિયમ ઇત્યાદિ ફાર્મસી કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના નિયમ મુજબ જૂન ૧૯૮૫ સુધીમાં તૈયાર કરવામાં આવે;

(૬) શિક્ષણકાર્યની સુગમતા માટે ઓડિયો વિઝ્યુઅલ સાધનો ઇત્યાદિ વસાવવામાં આવે, તથા

(૭) પ્રથમ વર્ષ ડિપ્લોમામાં વધુમાં વધુ ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે.

૨૦. શ્રી. ક. લા. સ્વાધ્યાય મંદિર, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૪ થી (૧) કમ્પેરેટિવ લિંગ્વિસ્ટિક્સ, (૨) કમ્પેરેટિવ લિટરેચર, (૩) ગુજરાતી લેંગ્વેજ ઍન્ડ લિટરેચર, (૪) એન્સાઈક્લોપીડિયા ઑફ ગુજરાતી લિટરેચર અને (૫) ડિક્ષનેરીઝમાં પીએચ.ડી. પદવી માટે સંશોધનકાર્ય કરવા માટે કાયમી માન્યતા માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ક. લા. સ્વાધ્યાય મંદિર, અમદાવાદને ઉપરોક્ત વિષયોમાં પીએચ.ડી. પદવી માટે સંશોધન કાર્ય કરવા માટે માંગેલી માન્યતા ચાલુ રાખવાની બાબતમાં આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૧. મહર્ષિ વેદવિજ્ઞાન અકાદમી, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૪થી "વૈદિક સાયન્સીઝ" અને "વૈદિક ફિલોસોફી"ના વિષયોમાં પીએચ.ડી. પદવી માટે સંશોધનકાર્ય કરવા માટે ચાલુ માન્યતા માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મહર્ષિ વેદવિજ્ઞાન અકાદમી, અમદાવાદ નીચે જણાવેલ શરતનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૭—૧૯૮૪ સુધીમાં કરે તો તેને "વૈદિક સાયન્સીઝ" અને "વૈદિક ફિલોસોફી"ના વિષયમાં પીએચ.ડી. પદવી માટે સંશોધન કાર્ય કરવા માટે તા. ૧૫—૬—૧૯૮૪થી તા ૧૪—૬—૧૯૮૫ સુધીની માન્યતા ચાલુ રાખવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

શરત

યુનિવર્સિટી ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે અને રજા તેમજ નિવૃત્તિ અંગેના યુનિવર્સિટીના નિયમો સહિત તમામ ધારાધોરણોનો અમલ કરવામાં આવે.

૨૨. યુનિવર્સિટીના એજ્યુકેશનલ મીડિયા-રિસર્ચ સેન્ટર વિભાગ માટે કો-ઓર્ડિનેટરની જગ્યા અંગે તા. ૧-૬-૧૯૮૪ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૧-૬-૧૯૮૪ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ યુનિવર્સિટીના એજ્યુકેશનલ મીડિયા-રિસર્ચ સેન્ટર માટે કો-ઓર્ડિનેટરની જગ્યા પર શ્રી. ધીરેન અવાશિયાની નિમણૂક કરવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૧-૬-૧૯૮૪ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "ડ"** તરીકે સામેલ છે.)

૨૩. યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગમાં હોકી કોચની જગ્યા માટે તા. ૨૬-૫-૧૯૮૪ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૪. કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ) :

"ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન" અંગેની સ્થાયી સમિતિની તા. ૮-૬-૧૯૮૪ની સભાની ભલામણો મંજૂર રાખ્યાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

(સદરહુ સમિતિની તા. ૮—૬—૧૯૮૪ની સભાની ભલામણોની નકલ **પરિશિષ્ટ 'ઢ'** તરીકે સામેલ છે.)

૨૫. તબીબી વિદ્યાશાખાની તા. ૧૨-૬-૧૯૮૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે બેઝિક કોર્સ ઇન બી.એસસી. નર્સિંગનો અભ્યાસક્રમ મંજૂર કરવા અને તેને લગતા ઑર્ડિનાન્સ નર્સિંગ ૧, ૨ અને ૩ તથા રેગ્યુ. નર્સિંગ ૧, ૧–એ, ૨, ૩ અને ૪ મંજૂર કરવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૬. પહેલા વર્ષ બી.એસસી. અને બીજા વર્ષ બી.એસસી.માં દરેકમાં કૉમ્પ્યુટર સાયન્સ વિષયનો એક પ્રશ્નપત્ર મરજિયાત ધોરણે વધારાના વિષય તરીકે દાખલ કરી તેના અભ્યાસક્રમની થિયરી અને પ્રેક્ટિકલ્સની વિગતો તૈયાર કરી સૂચવવા કુલપતિશ્રીએ નીમેલી સમિતિની તા. ૧૧-૬-૧૯૮૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રથમ વર્ષ બી.એસસી. અને દ્વિતીય વર્ષ બી.એસસી.માં કૉમ્પ્યુટર સાયન્સના વિષયનું એક પ્રશ્નપત્ર મરજિયાત ધોરણે વધારાના વિષય તરીકે દાખલ કરવા અંગે કુલપતિશ્રીએ નીમેલ સમિતિની તા. ૧૧–૬–૧૯૮૪ની સભાની ભલામણ મંજૂર કરવી અને સદરહુ અભ્યાસક્રમ તાત્કાલિક એટલે કે જૂન ૧૯૮૪થી અમલમાં મૂકવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ વિષય શીખવવા માટે લાયકાત અંગેનાં ધોરણો સુધાર્યા પ્રમાણે મંજૂર કરવાં.

(સમિતિની તા. ૧૧–૬–૧૯૮૪ની સભાની ભલામણની નકલ, અભ્યાસક્રમની નકલ તથા સુધારેલાં ધોરણોની નકલ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૨૭. તબીબી વિદ્યાશાખાની તા. ૧૨-૬-૧૯૮૪ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"એમ.ડી. અને એમ.એસ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા બાબતમાં રેગ્યુલેશન ઘડવામાં આવ્યા છે તેના સંદર્ભમાં ઑર્ડિ. એમ.ડી.–૧૦ અને ઑર્ડિ. એમ.એસ.–૯ રદ કરવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૨૮. તબીબી વિદ્યાશાખાની તા. ૧૨-૬-૧૯૮૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"૧. આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. એમ.ડી.–૧માં બ્રાન્ચ–૧૪ ઉમેરવી તથા રેગ્યુ. એમ.ડી.–૧માં બ્રાન્ચ ૧૪–ફોરેન્સિક મેડિસિનના નીચે મુજબ પ્રશ્નપત્રો રાખવા

ભલામણ કરવી :

Reg. M.D.—1 :

Branch XIV—Forensic Medicine

Paper—I :

Applied Basic Sciences (Forensic Radiology, Applied Osteology, Anthropology), Medicine and Pathology in Relation to Forensic Medicine.

Paper—II :

Forensic Medicine.

Paper—III :

Medical Jurisprudence, Forensic Psychology and Medicologal Texicology.

Paper—IV :

An essay on Modern trends and advances in the subject.

૨. આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખા હેઠળ બે વર્ષના ગાળાનો અનુસ્નાતક ડિપ્લોમા ઇન ફોરેન્સિક મેડિસિન (ડી.એમ.એમ.) દાખલ કરવો અને અભ્યાસક્રમના ઓર્ડિ. ૩૮૦, ૩૮૦-એ અને ૩૮૦-બી તથા રેગ્યુ. ૨૬૪, ૨૬૪-એ મંજૂર કરવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની તા. ૧૨-૬-૧૯૮૪ની સભાની ઉપરોક્ત ભલામણ—૧ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની સભાની ભલામણ-૨ બાબતમાં તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા ઇન ફોરેન્સિક મેડિસિનનો અભ્યાસક્રમ સ્થાપવા અને તે અંગે સ્ટે. ૧૭૯માં જરૂરી સુધારો કરવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સુધારેલા ઓર્ડિનન્સ અને રેગ્યુલેશનની નકલ પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૨૯. બી.કોમ. પદવી મેળવવા માટેના જૂના અભ્યાસક્રમમાં દ્વિતીય વર્ગ માટે ૫૦ ટકા ગુણ મેળવવા આવશ્યક હતા, જ્યારે નવા અભ્યાસક્રમમાં તે ધોરણ ૪૮ ટકા કરવામાં આવ્યું છે. આથી જૂના અભ્યાસક્રમમાં ૪૮ ટકાથી વધુ પરંતુ ૫૦ ટકાથી ઓછા ગુણ મેળવ્યા હોય તેમની નિમણૂક કે બઢતીના હેતુ માટે દ્વિતીય વર્ગ (deemed second class) સમકક્ષ ગણવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી.કોમ. પદવી પરીક્ષામાં જૂના અભ્યાસક્રમમાં ૪૮ કે તેથી વધુ ટકાવારીવાળા ગુણને નિમણૂક કે બઢતીના હેતુ માટે તે પરીક્ષામાં deemed Second Class ગણીને દ્વિતીય વર્ગ સમકક્ષ ગણવાનું રાખવું.

૩૦. ગૃહવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૬-૩-૧૯૮૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. ભાગ–૨ના ગૃહવિજ્ઞાન વિષયના અભ્યાસક્રમમાં નીચે મુજબ પ્રશ્નપત્રો રાખવા અને તેનો વિગતવાર અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા અને આ સુધારેલ અભ્યાસક્રમ જૂન ૧૯૮૪થી અમલમાં મૂકવા ભલામણ કરવી :

પ્રશ્નપત્ર ૫ : ક્લોથિંગ એન્ડ ટેક્સટાઈલ	... ૧૦૦ માર્ક્સ
પ્રશ્નપત્ર ૬ : ચાઈલ્ડ ડેવલપમેન્ટ નર્સરી સ્કૂલ એજ્યુકેશન	... ૧૦૦ માર્ક્સ
પ્રશ્નપત્ર ૭ : ફૂડ્સ એન્ડ ન્યુટ્રિશન્સ અથવા ઇન્સ્ટિટ્યુશન મેનેજમેન્ટ	... ૧૦૦ માર્ક્સ
પ્રશ્નપત્ર ૮ : પ્રોજેક્ટ રિપોર્ટિંગ	... ૧૦૦ માર્ક્સ "

આથી ઠરાવવામાં આવે છે ગૃહવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૬–૩–૧૯૮૪ની સભાની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

(અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

૩૧. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૭-૬-૧૯૮૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ઇન્સ્ટિટ્યૂટ ઑફ કંપની સેક્રેટરી તરફથી આવેલ પત્રના સંદર્ભમાં આ સમિતિ ભલામણ કરે છે કે તૃતીય વર્ષ બી.કૉમ.માં યુનિવર્સિટીની પરીક્ષા (એક્સ્ટર્નલ)માં અને કુલ ગુણમાં ઓછામાં ઓછા ૫૦ ટકા માર્ક્સ અથવા તેથી વધુ માર્ક્સ મેળવનાર વિદ્યાર્થીને સેકન્ડ ક્લાસ કે ફર્સ્ટ ક્લાસ "ઑનર્સ" સાથે પાસ થયેલ જાહેર કરવા તથા તે મુજબ તૃતીય વર્ષ બી.કૉમ.માં પાસ થવા અંગેના રેગ્યુલેશનમાં જરૂરી સુધારો કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે આ પ્રશ્ન વિનયન અને વિજ્ઞાનના સ્નાતકોને પણ સ્પર્શતો હોઈ આ બાબત વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓના અધ્યક્ષોને મોકલી સંયુક્ત રીતે આ અંગે વિચારણા કરી ભલામણ કરવા જણાવવું.

૩૨. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૭-૬-૧૯૮૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"એમ.કૉમ. પાર્ટ–૧ અને પાર્ટ–૨ના જુદા જુદા વિષયોની સર્વાંગી ચકાસણી કરતાં એમ.કૉમ. અને એમ.એ.ના વિષયો વચ્ચે સામ્ય અંગે વિચારણા કરી એમ.કૉમ.ના વિષયો શીખવવા અંગે જરૂરી લાયકાત અંગે નીચે મુજબ ભલામણ કરવામાં આવે છે :

(1) Economics of Developing Countries	... M.A. (Economics)
(2) Business Finance	... M.Com.,M.B.A.,
(3) Marketing Organisation and Practice	... M.Com.,M.B.A.,

(4) Business Management	...	M.Com.,M,B.A.,
(5) Cost Accounting Papers I to IV	...	M.Com..I.C.W.A.
(6) Advanced Business Management Papers I to IV	...	M.Com.,M.B.A.
(7) Acturial Science Papers I to IV	...	M.A.,M.Sc.,M.Com. (ActurialSc.)
(8) Statistics Papers I to IV	...	M.A.,M.Com., M.Sc. (Statistics)
(9) Modern Finance Papers I & II	...	M.A..M.Com. (with relevant Papers) (Econ.)
(10) Modern Business Papers I & II	...	M.A.,M.Com. (with relevant Paper) (Econ.).
(11) Industry & Labour Papers I & II	...	M.A.,M.Com. (with relevant Papers)
(12) Agriculture	...	M.A. (Econ.) M.Com. (with relevant papers)
(13) Industry Paper II	...	M.A.,M.Com. (with relevant papers) (Econ.).

[નોંધ.—આ અગાઉ જે અધ્યાપકોને ઉપરના વિષયોમાં માન્યતા મળી ગયેલ હોય તેમની જે તે વિષયની માન્યતા ચાલુ રહેશે અને આ ફેરફારથી રદ થશે નહિ.]"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૩. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૭-૬-૧૯૮૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"એડવાન્સ્ડ બિઝનેસ મેનેજમેન્ટ વિષયનાં એફ.વાય.બી.કોમ., એસ.વાય.બી.કોમ. અને ટી.વાય.બી.કોમ.ના નવા અભ્યાસક્રમો જૂન ૧૯૮૪થી ક્રમશઃ અમલમાં આવનાર છે તેના સંદર્ભમાં જૂના અભ્યાસક્રમની દરેકની વધુ બે પરીક્ષાઓ લેવાની રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે હાલ જૂના અભ્યાસક્રમ મુજબ બે વાર પરીક્ષા લેવાની પ્રથા ચાલુ હોઈ, આ અંગે વિશેષ કાંઈ કરવાનું રહેતું નથી.

૩૪. બિઝનેસ મેનેજમેન્ટની અભ્યાસસમિતિની તા. ૨૪-૪-૧૯૮૪ની સભાની નીચેની ભલામણો વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૭-૬-૧૯૮૪ની સભાએ સ્વીકારેલ હોઈ તે પર

વિચારણા કરવા બાબત :

"(૧) એમ.કૉમ. ભાગ–૨ના ફરજિયાત પ્રશ્નપત્રનો સુધારેલો અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવો અને તેને જૂન ૧૯૮૪થી અમલમાં લાવવો.

(૨) એમ.કૉમ. ભાગ–૨ના ઍડવાન્સ્ડ બિઝનેસ મૅનેજમેન્ટ પેપર–૩નો સુધારવામાં આવેલ અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવો અને તેને જૂન ૧૯૮૪થી અમલમાં લાવવો.

(૩) તૃતીય વર્ષ બી.કૉમ. પેપર–૫, ઍડવાન્સ્ડ બિઝનેસ મૅનેજમેન્ટ અને એમ.કૉમ. ભાગ–૨ના પેપર–૪ ઍડવાન્સ્ડ બિઝનેસ મૅનેજમેન્ટના ડિઝર્ટેશન માટેના વિષયો (ટોપિક્સ) આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવા અને તેને જૂન ૧૯૮૪થી અમલમાં લાવવા.

(૪) એમ.કૉમ. ભાગ-૧ના ઍડવાન્સ્ડ બિઝનેસ મૅનેજમેન્ટના પેપર-૧ ફાઇનાન્સિયલ નીચેના મુદ્દા રદ કરવા અને આનો અમલ જૂન ૧૯૮૪થી કરવો :

VII. Special problems :

(*b*) Timing of financial policy

(*e*) Management of Finance function under inflation pressures."

આથી ઠરાવવામાં આવે છે કે બિઝનેસ મૅનેજમેન્ટની અભ્યાસસમિતિની તા. ૨૪-૪-૧૯૮૪ની સભાની વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૭-૬-૧૯૮૪ની સભાએ સ્વીકારેલ ભલામણો મંજૂર કરવી.

(સુધારેલ અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૩૫. બી.એસસી.ના ત્રણ વર્ષના અભ્યાસક્રમમાં બીજા વર્ષથી ઇલેક્ટ્રોનિક્સ (એન્ટાયર) વિષયનો અભ્યાસક્રમ તથા બીજી જરૂરિયાતો સૂચવવા માટે કુલપતિશ્રીએ નીમેલી સમિતિની તા. ૧૧/૧૫-૬-૧૯૮૪ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) ડિપ્લોમા ઇન ઇલેક્ટ્રોનિક્સનો અભ્યાસક્રમ શરૂ કરવો નહીં.

(૨) બીજા વર્ષ અને ત્રીજા વર્ષ બી.એસસી.ના અભ્યાસક્રમની વિગતો, પ્રાયોગિક કામ, પ્રાયોગિક પરીક્ષાનું કામ, લેબોરેટરી તથા શૈક્ષણિક નિમણૂકો નીચે મુજબ સૂચવવામાં આવે છે :

૧. બીજા વર્ષ બી.એસસી.નાં છ પ્રશ્નપત્રો દરેક ૧૦૦ (૭૦ વત્તા ૩૦) ગુણનાં ત્રણ કલાક અને ચાર પ્રયોગો ૩૦૦ (૨૧૦ વત્તા ૯૦) ગુણ તથા શૈક્ષણિક કામ—દરેક શૈક્ષણિક પ્રાયોગિક કામ ત્રણ કલાકનું તથા ત્રીજા વર્ષ બી.એસસી. માટે પાંચ પ્રશ્નપત્રો દરેક ત્રણ કલાકના ૧૦૦ ગુણ (૭૦ વત્તા ૩૦ ગુણ)ના અને ચાર પ્રયોગો ૨૫૦ (૧૭૫ વત્તા ૭૫ ગુણના) તથા પ્રાયોગિક શૈક્ષણિક કામ-દરેક પ્રયોગ ત્રણ કલાકનો રાખવો.

૨. બીજા અને ત્રીજા વર્ષ બી.એસસી. માટે શૈક્ષણિક પ્રાયોગિક કામ માટે ૧૦ વિદ્યાર્થીઓની બેચ રાખવી.

૩. બીજા વર્ષ બી.એસસી.માં આ અભ્યાસક્રમ માટે ૨૦ વિદ્યાર્થીઓથી વધારે એક કૉલેજમાં દાખલ કરવા નહિ.

૪. શૈક્ષણિક કામ માટે શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કામ માટે નીચે મુજબ નિમણૂંકો કરવા ભલામણ કરવામાં આવે છે :

1. Separate Laboratory, with a Workshop
2. Proper Electric fitting in the Laboratory
3. Two Lecturers for S.Y. and Two more Lecturers for T.Y.
4. One Laboratory Assistant.
5. Technical Assistant.
6. Equipment as per list attached work approximately Rs. 2 Lakhs.

આથી ઠરાવવામાં આવે છે કે બી.એસસી.ના ૩ વર્ષના અભ્યાસક્રમમાં બીજા વર્ષથી ઇલેકટ્રોનિક્સ (એન્ટાયર) વિષયનો અભ્યાસક્રમ તથા તે અંગેની બીજી જરૂરિયાતો સૂચવવા માટે કુલપતિશ્રીએ નીમેલી સમિતિની તા. ૧૧/૧૫–૬–૧૯૮૪ની સભાઓની ઉપરોક્ત ભલામણો મંજૂર કરવી અને તેને તાત્કાલિક એટલે કે જૂન ૧૯૮૪થી અમલમાં મૂકવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કામ માટે જે નિમણૂંકો અંગે ભલામણ કરવામાં આવી છે તેમાં ટેકનિકલ આસિસ્ટન્ટની નિમણૂક ન કરતાં લેબોરેટરી આસિસ્ટન્ટ/ ટેકનિકલ આસિસ્ટન્ટ એમ નામાભિધાન ફેરવવું અને સૂચવ્યા પ્રમાણે આ સુધારેલા અભ્યાસક્રમની યાદી મંજૂર કરવી.

(અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

૩૬. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૭-૬-૧૯૮૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"પ્રથમ વર્ષ બી.કૉમ. આંકડાશાસ્ત્રનો સુધારેલો અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવો અને તેને જૂન ૧૯૮૪થી અમલી બનાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૭–૬–૧૯૮૪ની સભાની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

(સુધારેલા અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "ન"** તરીકે સામેલ છે.)

૩૭. ફાઇન આર્ટ્સની એડહૉક સમિતિએ નીમેલી સમિતિએ તેની તા. ૩૦-૪-૧૯૮૪ ની સભામાં ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમનું થિયેટર આર્ટ્સ વિષયનું માળખું સૂચવ્યું

છે, તેના સંદર્ભમાં અભ્યાસક્રમની વિગતો વગેરે તા. ૫–૬–૧૯૮૪ની સભામાં નીચે મુજબ સૂચવી છે તે પર વિચારણા કરવા બાબત :

૧. થિયેટર આર્ટ્સનો વિષય ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમમાં એન્ટાયર વિષય તરીકે દાખલ કરવો.

૨. ફરજિયાત અંગ્રેજી અને કલાસિકલ લેંગ્વેજનો અભ્યાસક્રમ યથાવત રહે છે.

૩. આ સમિતિએ થિયેટર આર્ટ્સના બધા પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ તૈયાર કર્યો છે તે આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ નિયત કરવા ભલામણ છે.

૪. શિક્ષકોની લાયકાતનાં ધોરણો તથા જરૂરિયાત સૂચવેલાં છે.

આથી ઠરાવવામાં આવે છે કે (૧) થિયેટર આર્ટ્સનો અભ્યાસક્રમ મંજૂર કરવો તથા (૨) અન્ય બાબતમાં નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(મંજૂર કરેલા અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "૫"** તરીકે સામેલ છે.)

૩૮. શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તા. ૧૬/૧૭–૯–૧૯૮૩ના ઠરાવથી સામાન્ય પ્રવાહના વિષય માળખામાં વિષયજૂથ ૩માં "વાણિજ્ય ગણિત અને નામાનાં મૂળતત્ત્વો" નામનો જે ૧૦૦ ગુણનો વિષય છે તેનું વિભાજન નીચે પ્રમાણે કરવામાં આવ્યું છે :

"વાણિજ્ય ગણિત ... ૧૦૦ ગુણ"
"નામાનાં મૂળતત્ત્વો ... ૧૦૦ ગુણ"

ઉપરોક્ત ફેરફાર જોતાં જે વિદ્યાર્થીઓએ નીચે જણાવેલ વિષયો સાથે ગુજરાત રાજ્ય તરફથી લેવામાં આવતી ધો. ૧૨ની પરીક્ષા પસાર કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીના પ્રથમ બી.કોમ.ના વર્ગમાં ૧૯૮૬-૮૭ના વર્ષથી પ્રવેશપાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત :

"૧. નામાનાં મૂળતત્ત્વો

૨. વાણિજ્ય સંચાલન **અથવા** તર્કશાસ્ત્ર **અથવા** ગણિત (જૂથ ૩ પૈકી)

૩. આંકડાશાસ્ત્ર **અથવા** વાણિજ્ય ગણિત **અથવા** અર્થશાસ્ત્ર (જૂથ ૫ પૈકી)"

[**નોંધ.**—૧. શ્રી. ડીને ઉપર પ્રમાણે કરવાની તરફેણમાં અભિપ્રાય દર્શાવેલ છે.

૨. હાલમાં નીચે પ્રમાણેના નિયમો ચાલે છે :

જે વિદ્યાર્થીઓએ ધો. ૧૨ની પરીક્ષા પસાર કરી હોય તેમને પ્રથમ બી.કોમ.માં પ્રવેશપાત્ર ગણવામાં આવે છે.

(૧) બિઝનેસ એડમિનિસ્ટ્રેશન

(૨) એકાઉન્ટ્સ (વાણિજ્ય ગણિત અને નામાનું સૂચન છે.)

(૩) અર્થશાસ્ત્ર.]

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સામાન્ય પ્રવાહના વિષયમાળખામાં વિષયજૂથ-૩માં "વાણિજ્ય ગણિત અને નામાનાં મૂળતત્ત્વો" નામનો જે ૧૦૦ ગુણનો વિષય છે તેનું વિભાજન નીચે પ્રમાણે કરવામાં આવ્યું છે :

વાણિજ્ય ગણિત	...	૧૦૦ ગુણ
નામાનાં મૂળતત્ત્વો	...	૧૦૦ ગુણ

ઉપરોક્ત ફેરફાર જોતાં જે વિદ્યાર્થીઓએ નીચે જણાવેલ વિષયો સાથે ગુજરાત બોર્ડ તરફથી લેવામાં આવતી ધો. ૧૨ની પરીક્ષા પસાર કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીના પ્રથમ વર્ષ બી.કોમ.ના વર્ગમાં હાલની જેમ ૧૯૮૬–૮૭ના વર્ષથી પણ પ્રવેશપાત્ર ગણવાનું ચાલુ રાખવું અને તે અંગેના હાલના નિયમોમાં કશા ફેરફાર કરવા નહિ.

૧. નામાનાં મૂળતત્ત્વો

૨. વાણિજ્ય સંચાલન

૩. અર્થશાસ્ત્ર.

૩૯. યુનિવર્સિટીનાં વિદ્યાભવનો તથા સંલગ્ન કૉલેજના શિક્ષકોની નિયુક્તિ માટે શૈક્ષણિક પાત્રતા અંગેનાં ધારાધોરણ સુધારવા નિયુક્ત થયેલી સમિતિની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં ભવનોના તથા સંલગ્ન કૉલેજોના શિક્ષકોની નિયુક્તિ માટે ઓછામાં ઓછી લાયકાત અંગેનાં ધોરણો સુધારવા માટે નિયુક્ત થયેલી સમિતિની ભલામણો સ્વીકારવી અને તે મુજબ ધોરણો સુધારવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ફ"** તરીકે સામેલ છે.)

૪૦. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને વિદ્યાભવનોના શિક્ષકો માટે મંજૂર કરેલ મેરિટ પ્રમોશન યોજનાનો અમલ કરવા અંગેની સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને વિદ્યાભવનોના શિક્ષકો માટે મંજૂર કરેલ મેરિટ પ્રમોશન યોજનાનો અમલ કરવા અંગેની સમિતિની ભલામણો સ્વીકારવી અને તે અંગે આગળ કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ "બ"** તરીકે સામેલ છે.)

૪૧. ધી ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઑફ પ્લાનિંગ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૪થી (૧) રૂરલ ઇકોનોમિક, (૨) રૂરલ સોશિયોલોજી, (૩) રૂરલ ડેવલપમેન્ટ તથા (૪) રૂરલ પ્લાનિંગના વિષયોમાં પીએચ.ડી. પદવી માટે સંશોધનકાર્ય સારુ માન્યતા માટેની તા. ૪-૧૨-૧૯૮૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૨. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૨–૬–૧૯૮૪ની સભાએ એફ. વાય. બી.કૉમ.ના અર્થશાસ્ત્ર વિષયના પ્રશ્નપત્ર ૧ તથા એસ.વાય.બી.કૉમ.ના અર્થશાસ્ત્ર વિષયના પ્રશ્નપત્ર ૨ નો અભ્યાસક્રમ સુધારી તેને જૂન ૧૯૮૪ થી અમલમાં લાવવા કરેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકે કાઉ./૫૧૧૦૪/૧૯૮૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૪-૮-૧૯૮૪.

એસ. વી. શાસ્ત્રી
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૫

વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૦–૧૧–૧૯૮૩ની સભાએ કૉમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ વાણિજ્ય વિદ્યાશાખામાં બે ઓપ્શનલ પેપરો તરીકે રાખવા અંગે વિચારણા કરી અહેવાલ રજૂ કરવા નીમેલ સમિતિની તા. ૧–૩–૧૯૮૪ની સભાએ કૉમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ એફ. વાય. બી.કૉમ અને એસ. વાય. બી.કૉમ. કક્ષાએ એક પેપરના ગૌણ વિષય તરીકે ભલામણ કરી છે. સદરહુ અભ્યાસક્રમની વિસ્તૃત વિગતો તૈયાર કરવા નીચે મુજબ સભ્યોની સ્પેશિયલ કમિટી તા. ૨૩–૩–૧૯૮૪ તથા તા. ૨૮–૩–૧૯૮૪ના રોજ બપોરના ૩–૩૦ વાગે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી:

ક્રમ	સભ્યનું નામ	તા. ૨૩–૩–૧૯૮૪	તા. ૨૮–૩–૧૯૮૪
૧.	પ્રો. એસ. બી. વોરા	હાજર	હાજર
૨.	શ્રી. એસ. આર. ઠાકોર	હાજર	હાજર
૩.	શ્રી. આર. પી. સોની	હાજર	હાજર
૪.	શ્રી. કુલકર્ણી	હાજર	હાજર
૫.	શ્રી. નીમેશ શેઠ	હાજર	હાજર
૬.	ડૉ. સરલા અચ્યુતન	હાજર	હાજર
૭.	પ્રિ. આર. એચ. વ્યાસ	હાજર	હાજર

સભાનું પ્રમુખસ્થાન પ્રો. એસ. બી. વોરાએ સંભાળ્યું હતું.

ચર્ચાવિચારણા બાદ સમિતિએ નીચે મુજબ ભલામણો કરી:

૧. "કૉમ્પ્યુટર ઍન્ડ ડેટા પ્રોસેસિંગ" (ગૌણ વિષય)નો પ્રશ્નપત્ર–૧ પ્રથમ વર્ષ બી.કૉમ.નો અભ્યાસક્રમ તથા પ્રશ્નપત્ર–૨ (ગૌણ વિષય) દ્વિતીય વર્ષ બી.કૉમ.નો અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ 'અ' મુજબ રાખવો અને તેને જૂન ૧૯૮૪થી ક્રમશઃ અમલમાં લાવવો.

૨. આ સમિતિ ભલામણ કરે છે કે શિક્ષકોની લાયકાતનાં ધોરણો નીચે પ્રમાણે રાખવા ભલામણ કરવામાં આવે છે:

1. Masters Degree in any subject and two years experience in Data processing.

OR

2. Graduate and five years experience in Data processing.

OR

3. Graduate and Diploma in Computer Science with three years experience in Data Processing.

3. There will be 35 marks for theory paper of three hours duration and 35 marks for practicals for external evaluation.

There will be 15 (10+5) marks for theory and 15 (10+5) marks for Practicals for internal evaluation.

4. Per student two hours of practical work per week with computer is expected as a minimum requirement.
5. For practical training group of maximum 8 students shall be formed.
6. Total practical work for each student with Computer should not be less than 24 hours per term.
7. Institutions / Colleges interested in starting this course should be allowed to charge fees for practical work, as prescribed by the University.
8. The institution / college introducing the teaching of this subject shall have either its own computer of shall hire necessary computer hours to impart practical training as specified above. The fulfillment of this condition should be checked and verified by the local inquiry committee.
